Wednesday, 11 March 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



નૈતિકતા એ આધ્યાત્મિક શક્તિ છે જેની સામે
કોઈપણ સંજોગો નબળા પડે છે.
- મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૭૩ ● સંવત-૨૦૮૨ ફાગણ વદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## ‘સંપૂર્ણ અભિયાન ૨.૦’ (જાન્યુઆરી-એપ્રિલ)નો જિલ્લા કક્ષાનો પ્રક્ષેપણ કાર્યક્રમ, કલા કેન્દ્ર ઓડિટોરિયમ, સેલવાસ ખાતે યોજાયો

**દરેક વ્યક્તિ અને પરિવારને આરોગ્ય, પોષણ, શિક્ષણ, મૂળભૂત સુવિધાઓ અને આજીવિકા સેવાઓ પૂરી પાડવા સાથે સગર્ભા સ્ત્રીઓની સંભાળ, રોગની તપાસ, પૌષ્ટિક ખોરાકની ઉપલબ્ધતા, ખેડૂતોને સહાય, નળના પાણીના જોડાણો, ડિજિટલ સાક્ષરતા અને સ્વ-સહાય જૂથોને સશક્ત બનાવવાના ઉદ્દેશથી ‘સંપૂર્ણ અભિયાન ૨.૦’નો પ્રારંભ**

**દાનહ જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોરે કાર્યક્રમમાં ઉપસ્થિત ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને કર્મચારીઓને ‘સંપૂર્ણ અભિયાન ૨.૦’ અને પાણીના મહત્ત્વ અને જાગૃતિ અંગે લેવડાવેલા શપથ**












**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**
કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને દાનહના કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરની અધ્યક્ષતામાં, નીતિ આયોગ હેઠળ ‘સંપૂર્ણ અભિયાન ૨.૦’ (જાન્યુઆરી-એપ્રિલ)ના જિલ્લા સ્તરના લોન્ચ કાર્યક્રમનું આયોજન ૧૦ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે સેલવાસના કલા કેન્દ્ર ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નીતિ આયોગના સલાહકાર શ્રી રાજનાથ રામ, સેલવાસ નગરપાલિકાના પ્રમુખ શ્રી સોમનાથ દેવરે, દમણ જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રી ધરમ પટેલ, જિ.પં.ના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી અરુણ ગુપ્તા, સેલવાસ નગરપાલિકાના સી.ઓ. શ્રી સંગ્રામ શિંદે, દાનહ જિ.પં. ઉપ પ્રમુખ શ્રી વિનય ગિમ્બલ, સેલવાસ ન.પા. ઉપ પ્રમુખ શ્રીમતી કવિતા સિંહ, વિકાસ અને આયોજન અધિકારી શ્રી પંકજસિંહ પરમાર, નીતિ આયોગના નોડલ અધિકારી શ્રી પ્રદીપ એસ, પંચાયતના સભ્યો, સેલવાસ નગરપાલિકાના કાઉન્સિલરો, સરપંચો, વોર્ડ સભ્યો,

- (વધુ પાના નં.૨ પર)

## દાનહના રાંધા ગામમાં ‘ભોવાડા’ નૃત્ય મહોત્સવ : લુપ્ત થતી સંસ્કૃતિ વિરાસતના જતનનો આવકારદાયક પ્રયાસ





**‘ભોવાડા’ કાર્યક્રમનું આયોજન રાંધા ગામના આગેવાન ચંદુભાઈ ગાંવિત દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં મશાલના અજવાળે ભજવાયેલા વિવિધ ઐતિહાસિક નૃત્યને નિહાળવા માટે ઉમટી પડેલી હજારોની જનમેદની**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**
દાદરા નગર હવેલીના રાંધા ગામે પાંચ દિવસીય ‘ભોવાડા નૃત્ય મહોત્સવ’ની ઉજવણી કરવામાં આવી. સાથે મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય આધુનિક યુગમાં લુપ્ત થઈ રહેલી આદિવાસી સંસ્કૃતિને જીવંત રાખવાનો અને તેને નવી પેઢી સુધી પહોંચાડવાનો છે.

૫ થી ૯ માર્ચ, ૨૦૨૬ દરમિયાન પાંચ દિવસ સુધી ચાલેલા ‘ભોવાડા’માં રાત્રિના સમયે આદિવાસી સમાજના વડીલો અને કલાકારો ઢોલકી, તુનતુનુ, થાળી, પીપોળી, સાંબળ(સાંગડ), કાંહળી, તારપા અને માદળ, ડાક જેવા પરંપરાગત વાંજિત્રોના મનમોહક તાલે વિવિધ દેવી દેવતાઓનાં અલગ અલગ પાત્ર મુજબ પહેરવેશ અને મુખોટા ધારણ કરી મશાલનાં અજવાળે ગુંજારવ સાથે પરંપરાગત મુખવટાધારી નૃત્યકારોએ ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. મશાલના અજવાળે ભજવાયેલા આ ઐતિહાસિક નૃત્યને નિહાળવા માટે હજારોની મેદની ઉમટી પડી હતી.

આ કાર્યક્રમનું આયોજન ગામના આગેવાન શ્રી ચંદુભાઈ ગાંવિત દ્વારા કરવામાં આવ્યું હતું. એમના પ્રયાસ અને સંસ્કૃતિને ટકાવી રાખવાના નિશ્ચયથી નવી પેઢીને મોટી પ્રેરણા મળી છે. આ યુવાનોમાં પોતાની વિરાસત પ્રત્યે ગૌરવની લાગણી અને આવા કાર્યક્રમના આયોજનથી આદિવાસી પરંપરાઓને હંમેશા જીવંત રાખવામાં મદદરૂપ થશે.

### ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિત્તે

## રોટરી ક્લબ દમણ દ્વારા, ઝાંપાબાર નાની દમણ ખાતે રોટરી હેલ્થ સર્વિસિસ સેન્ટરનું કરાયેલું ઉદ્‌ઘાટન

**૫૫થી વધુ મહિલાઓએ આરોગ્ય તપાસનો લીધેલો લાભ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૦**
રોટરી ક્લબ ઓફ દમણ દ્વારા ૮ માર્ચ, ૨૦૨૬ના રવિવારના રોજ ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ના ઉપલક્ષમાં રોટરી હેલ્થ સર્વિસિસ (બ્લડ ટેસ્ટિંગ અને ડાયગ્નોસ્ટિક સેન્ટર)નું ઉદ્‌ઘાટન રોટરી ઈન્ફોર્મેશન સેન્ટર, ઝાંપાબાર, નાની દમણ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી દમણ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી દિપિકાબેન ટંડેલ તથા કાઉન્સિલર શ્રીમતી કપિલા સુરેશ ઓડ વિશિષ્ટ અતિથિ પદે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં રોટરી ક્લબ ઓફ દમણના પ્રમુખ રોટેરિયન બલજીત સિંહ અરોરાએ ઉદ્‌ઘાટન ભાષણ આપતાં જણાવ્યું હતું કે રોટરી ક્લબ સમાજ સેવાના કાર્યો માટે સતત કાર્યરત છે અને આ હેલ્થ સર્વિસ સેન્ટર દ્વારા લોકોને સરળ અને વિશ્વસનીય આરોગ્ય તપાસની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મુખ્ય અતિથિ શ્રીમતી દિપિકાબેન ટંડેલે પોતાના સંબોધનમાં રોટેરિયન્સ દ્વારા કરવામાં આવેલા સેવાકાર્યોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આવી પહેલ સમાજ માટે ખૂબ જ ઉપયોગી છે. તેમણે દમણ મ્યુનિસિપાલિટી તરફથી દરેક શક્ય સહકાર આપવાનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. ઈવેન્ટ ચેર રોટેરિયન ડૉ. ક્રિષ્ના અને નિતીન બુલાએ આ સેન્ટર શરૂ કરવાનો હેતુ અને તેની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે પ્રેસિડન્ટ ઈલેક્ટ જયેશ જોષીએ ઉપસ્થિત લોકોને રોટરી ઈન્ટરનેશનલ અને રોટરી ક્લબ ઓફ દમણના સેવાકાર્યો વિશે માહિતી આપી.

- (વધુ પાના નં.૨ પર)

### દુઃખદ અવસાન /બેસણું



**સ્વ.રાજુભાઈ રવિયાભાઈ બારી**
**સ્વ. તા.૧૦/૦૩/૨૦૨૬**

દિલગીરી સાથ જણાવવાનું કે, અમારા પિતાશ્રી રાજુભાઈ રવિયાભાઈ બારીનું તા.૧૦-૦૩-૨૦૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**સદ્‌ગતનું બેસણુંઃ** તા.૧૪/૦૩/૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યા થી ૫.૦૦ વાગ્યા સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લિ.
ગં.સ્વ. રેખાબેન રાજુભાઈ બારી (પત્ની)
અજયભાઈ રાજુભાઈ બારી (પુત્ર) પૂજાબેન અજયભાઈ બારી (પુત્રવધૂ)
વિશાલ રાજુભાઈ બારી (પુત્ર) ચારૂલતાબેન નિકુંજભાઈ બારી (પુત્રી)
આયરા અજયભાઈ બારી (પૌત્રી)

નિવાસ સ્થાનઃ ઢોલર, બારીયાવાડ, મોટી દમણ - ૩૯૬૨૨૦
મોબાઈલ નં. 83066 09800






## સુવિચાર - સદ્‌વિચાર

સારૂ પરિણામ મેળવવા વાતોથી નહી, રાતોથી લડવું પડે

## કવિતા-ભજન-પદ-ગરબા

### માથેથી સ્વર્ગ હળવું હળવું

માથેથી સ્વર્ગ હળવું હળવું ઉતારવું છે,
તારી ઈંઢોણી પરથી મટકું ઉતારવું છે.

જો થઈ શકે તો થોડો ટેકો કરો રે લોકો!
મારા ખભેથી મારું મડદું ઉતારવું છે.

સ્વાગત છે ઓ હકીકત સ્વાગત છે તારું કિન્તુ,
પહેરીને આવી છે એ કપડું ઉતારવું છે.

તું ઝેર છે તો મારી આંખોમાં કેમ છે તું!
મારે તને હળાહળ ગળવું-ઉતારવું છે.

આ મંચને પ્રસિદ્ધિ એવું વ્યસન છે મિત્રો,
ધીમે રહી ચડે તો અઘરું ઉતારવું છે.

- જુગલ દરજી

## આજની જોક

આ રેકોર્ડ તો કોઈ બતાવતું જ નથી કે,.
હાર્દિક પંડ્યા
બે અલગ અલગ પત્નીઓ સાથે
બે વર્લ્ડ કપ
જીતનાર પ્રથમ ખેલાડી બન્યો...

## કબીર વાણી

**બુરા જો દેખન મેં ચલા, બુરા ન મિલિયા કોય,**
**જો દિલ ખોજા આપના, મુજસા બુરા ન કોય.**

**- અર્થાત-**

હું આ દુનિયામાં ખરાબ માણસ શોધવા નીકળ્યો, પણ મને કોઈ ખરાબ ન મળ્યો. પરંતુ જ્યારે મેં મારા મનની અંદર જોયું, તો મારાથી ખરાબ કોઈ ન હતું (માણસે બીજામાં ખામી શોધવાને બદલે પોતાનામાં સુધાર લાવવો જોઈએ).

## આજનો દિન વિશેષ

### સયાજીરાવ ગાયકવાડ ત્રીજા




સયાજીરાવ ગાયકવાડ ત્રીજા (જન્મ શ્રીમંત ગોપાલરાવ ગાયકવાડ તરીકે; ૧૧ માર્ચ ૧૮૬૩ - ૬ ફેબ્રુઆરી ૧૯૩૯) ૧૮૭૫ થી ૧૯૩૯ સુધી બરોડા રાજ્યના મહારાજા હતા, અને તેમના શાસન દરમિયાન તેમના રાજ્યના મોટા ભાગના સુધારા માટે યાદ કરવામાં આવે છે. તેઓ હાલના ગુજરાતના ભાગો પર શાસન કરતા મરાઠાઓના શાહી ગાયકવાડ વંશના હતા.

શરૂઆતનું જીવન : બહેન તારા બાઈ અને દત્તક માતા જમના બાઈ સાથેનું જૂથ ચિત્ર (લગભગ ૧૮૮૦) સયાજીરાવનો જન્મ નાસિક જિલ્લાના માલેગાંવ તાલુકાના કાવલાના ગામમાં એક મરાઠા પરિવારમાં થયો હતો, ગોપાલરાવ ગાયકવાડ, કાશીરાવ ભીખાજીરાવ (દાદા સાહેબ) ગાયકવાડ (૧૮૩૨-૧૮૭૭) અને ઉમ્માબાઈના બીજા પુત્ર તરીકે. તેઓ ગાયકવાડ વંશની કેડેટ શાખાના હતા, બરોડાના પ્રથમ રાજાના મોર્ગન લગ્નમાંથી વંશજ હતા, અને તેથી તેમને ગાદી પર બેસવાની અપેક્ષા નહોતી.

**ઉત્તરાધિકારની બાબતો:** ૧૮૭૦માં બરોડાના લોકપ્રિય મહારાજા સર ખંડેરાવ ગાયકવાડના મૃત્યુ પછી, એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે તેમના ભાઈ, મલ્હારરાવ, તેમના ઉત્તરાધિકારી બનશે. જોકે, મલ્હારરાવે પોતાને સૌથી ખરાબ પાત્ર સાબિત કરી દીધા હતા અને તેમના ભાઈની હત્યાનું કાવતરું ઘડવા બદલ તેમને અગાઉ જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. ખંડેરાવની વિધવા, મહારાણી જમનાબાઈ (૧૮૫૩-૧૮૯૮) પહેલાથી જ મરણોત્તર બાળકથી ગર્ભવતી હોવાથી, બાળકનું લિંગ સાબિત ન થાય ત્યાં સુધી ઉત્તરાધિકારમાં વિલંબ થયો. બાળક પુત્રી હોવાનું સાબિત થયું, અને તેથી ૫ જુલાઈ ૧૮૭૧ના રોજ તેના જન્મ પછી, મલ્હારરાવે ગાદી સંભાળી.

મલ્હારરાવે ઉદારતાથી પૈસા ખર્ચ્યા, લગભગ બરોડાના ખજાના ખાલી કરી દીધા (તેમણે સોનાની તોપ અને મોતીનો કાર્પેટ, અન્ય ખર્ચાઓની સાથે) અને ટૂંક સમયમાં જ મલ્હારરાવના ઘોર જુલમ અને ક્રૂરતાના અહેવાલો રેસિડેન્ટ રોબર્ટ ફેયર સુધી પહોંચ્યા. મલ્હારરાવે આર્સેનિકના સંયોજનથી ફેયરને ઝેર આપવાનો પ્રયાસ કરીને પોતાના કાર્યોને ઢાંકવાનો પ્રયાસ કર્યો. ભારતના રાજ્ય સચિવ લોર્ડ સેલિસબરીના આદેશથી, મલ્હારરાવને ૧૦ એપ્રિલ ૧૮૭૫ના રોજ પદભ્રષ્ટ કરવામાં આવ્યા અને મદ્રાસ દેશનિકાલ કરવામાં આવ્યા, જ્યાં તેમનું ૧૮૮૨માં અજ્ઞાતવાસમાં અવસાન થયું.

## બ્યુટી ટીપ્સ




**ઉનાળા દરમિયાન બ્યુટી ટિપ્સ :** ■ આખા શરીર માટે માઈક્રોડર્માબ્રેશન સાથે ઉનાળાની તૈયારી કરો. ■ તમારા ચહેરાની સંભાળ રાખો, તમારા ચહેરાને સ્વચ્છ અને હાઈડ્રેટેડ રાખવા માટે દિવસમાં ૩-૪ વખત પાણીથી છાંટો. અઠવાડિયામાં એક વાર સ્ક્રબનો ઉપયોગ કરીને ધૂળ, ધૂળ અને પરસેવો દૂર કરો, પરંતુ ખાતરી કરો કે સ્ક્રબ તમારી ત્વચાના પ્રકારને અનુરૂપ હોય.■ સનસ્ક્રીનનો ઉપયોગ કરો ઉનાળાના મહિનામાં જ્યારે આપણા સંપર્કનું સ્તર વધારે હોય છે ત્યારે UVA/UVB કિરણો ખાસ કરીને નુકસાનકારક હોય છે. સનસ્ક્રીન અવશ્ય લગાવો, પરંતુ એવો સનસ્ક્રીન લો જે ત્વચામાં સફેદ ડાઘ છોડ્યા વિના અથવા ભારે અને તેલયુક્ત બન્યા વિના શોષાય. તેને દિવસમાં બે વાર બધા ખુલ્લા ભાગો પર લગાવો. ■ આંખો અને હોઠને પણ કાળજીની જરૂર છે સૂર્ય ખૂબ જ શુષ્ક હોઈ શકે છે તેથી તમારા હોઠને નરમ અને મુલાયમ રાખવા માટે સમૃદ્ધ લિપ બામનો ઉપયોગ કરો. આંખોની આસપાસની નાજુક ત્વચાને પણ થોડી કાળજી આપવી જોઈએ-કરચલીઓ અટકાવવા માટે સારી આઈ ક્રીમ અને આંખોની નીચે ત્વચાને ઠંડુ અને ભેજયુક્ત બનાવવા માટે કાકડીના ટુકડા અથવા ટીબેગનો ઉપયોગ કરવો જોઈએ.ઉનાળામાં સૂતા પહેલા ત્વચા સંભાળ દિનચર્યાને વળગી રહેવું વધુ મહત્વપૂર્ણ છે.

### હવામાન વિભાગની આગાહી

# ગુજરાતના જિલ્લાઓમાં ઓરેન્જ અને યલો એલર્ટ

## ત્રણ દિવસ એટલે કે, ૧૦મીથી ૧૨મી તારીખ સુધી ગુજરાતીઓએ સાવચેત રહેવું પડશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૧૦**

માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ગુજરાતમાં સોમવારે ૯ શહેરનું તાપમાન ૪૦ ડિગ્રીની ઉપર પહોંચ્યું હતું. ત્યારે હવામાન વિભાગે આજના વેધર રિપોર્ટમાં ઓરેન્જ અને યલો એલર્ટની ચેતવણી આપી છે. આજથી ત્રણ દિવસ એટલે કે, ૧૦મીથી ૧૨મી તારીખ સુધી ગુજરાતીઓએ સાવચેત રહેવું પડશે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રએ આજે બપોરે આપેલી લેટેસ્ટ માહિતી પ્રમાણે, આજે ૧૦મી તારીખે નવ જિલ્લામાં ઓરેન્જ તો ૧૩ જિલ્લામાં યલો એલર્ટ અપાયું છે. આજે મંગળવારે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, જૂનાગઢમાં ઓરેન્જ એલર્ટ છે. આ જિલ્લાઓમાં તીવ્ર ઉષ્ણ લહેરની ચેતવણી આપવામાં આવી છે. આ ઉપરાંત જામનગર, પોરબંદર, ગિરસોમનાથ, અમરેલી, બોટાદ, ભાવનગર, મહેસાણા, સાબરકાંઠા, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરતમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે આ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ઉષ્ણ લહેરની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ૧૧મી માર્ચ એટલે કે, બુધવારની વાત કરીએ તો, ૬ જિલ્લામાં ઓરેન્જ અને ૧૨ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. બુધવારે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટમાં ઓરેન્જ એલર્ટ છે. આ ઉપરાંત જામનગર, ગિરસોમનાથ, ભાવનગર, અમરેલી, અમદાવાદ, ગાંધીનગર, જૂનાગઢ, બોટાદ, ભાવનગર, સાબરકાંઠા, વડોદરા, સુરતમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

૧૨મી માર્ચના રોજ થોડા જિલ્લાને આંશિક રાહત મળે તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં એલર્ટનું પ્રમાણ ઓછું થઈ શકે છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમણે, ગુરુવારે કોઈપણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ નથી. કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી અને મહેસાણામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે છૂટાછવાયા સ્થળોએ ઉષ્ણ લહેરની ચેતવણી આપવામાં આવી છે.

આજે આપેલા વેધર રિપોર્ટ પ્રમાણે, ૧૩મી માર્ચમાં રોજ દરિયાકિનારાના વિસ્તારોમાં



ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની હવામાન વિભાગની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજથી સાત દિવસ એટલે કે, ૧૬મી માર્ચ સુધી ગુજરાતમાં શુષ્ક હવામાન રહેવાની આગાહી આપવામાં આવી છે. ક્યાંય પણ વરસાદની શક્યતા નથી. તો ૧૩મી તારીખ સુધી ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો ઊંચો જવાની આગાહી આપવામાં આવી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**રોટરી ક્લબ દમણ દ્વારા...**

આ પ્રસંગે ક્લબની અસિસ્ટન્ટ ગવર્નર રોટેરિયન સ્તુતિ ગર્ગ પણ ખાસ હાજર રહ્યા હતા. તેમણે રોટરી ક્લબની સમગ્ર ટીમના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને ભવિષ્યમાં પણ આવા અર્થપૂર્ણ અને અસરકારક સેવા પ્રોજેક્ટ્સ હાથ ધરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત દિલીપનગર ડેવલપમેન્ટ એસોસિએશનના અધ્યક્ષ શ્રી લખમભાઈ ટંડેલે પણ સેન્ટરની મુલાકાત લીધી હતી અને રોટરી ક્લબની ટીમને આ જનહિતકારી પહેલ માટે અભિનંદન પાઠવ્યા હતા.

'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે યોજાયેલી વિશેષ પહેલ હેઠળ કાર્યક્રમ દરમિયાન મહિલાઓ માટે મફત હિમોગ્લોબિન (HB) અને બ્લડ સુગર ટેસ્ટની સુવિધા આપવામાં આવી હતી. ઉદ્‌ઘાટનના પ્રથમ જ દિવસે ૫૫ મહિલાઓએ આ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો.

રોટરી ક્લબના પદાધિકારીઓએ માહિતી આપી હતી કે, આ રોટરી હેલ્થ



સર્વિસિસ સેન્ટર અઠવાડિયાના સાતેય દિવસ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આ કેન્દ્ર દ્વારા બ્લડ અને યુરિન સંબંધિત ૬૦થી વધુ પ્રકારના ટેસ્ટોના રિપોર્ટ દમણના નાગરિકોને રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ સેન્ટર ડૉ. જાનવી જાધવની આરંભ પેથોલોજી લેબોરેટરીના સહયોગથી સંચાલિત કરવામાં આવશે, જેના માધ્યમથી લોકોને વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત ડાયગ્નોસ્ટિક સેવાઓ ઉપલબ્ધ થશે.

કાર્યક્રમમાં રોટરી ક્લબના તમામ રોટેરિયન્સ તેમના જીવનસાથીઓ સાથે હાજર રહ્યા હતા. ઉપરાંત અનેક સહયોગીઓ અને પ્રાયોજકો પણ ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ આ જનહિતકારી પહેલની પ્રશંસા કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમ પ્રોજેક્ટ ચેર રોટેરિયન નિમિષા પાઠક, રોટેરિયન રશ્મિ પ્રભાકર તેમજ સર્વિસ પ્રોજેક્ટ ચેર રોટેરિયન રાજેશ ટંડેલના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

કાર્યક્રમના અંતે ક્લબ સેક્રેટરી રોટેરિયન રવિન્દ્રસિંહ ધામીએ તમામ અતિથિઓ, સહયોગીઓ, પ્રાયોજકો અને ઉપસ્થિત નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**'સંપૂર્ણ અભિયાન ૨.૦'...**

ગ્રામ પંચાયતોના પંચાયત મંત્રીઓ અને જિલ્લા પંચાયતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજના કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી અરુણ ગુપ્તાએ 'સંપૂર્ણ અભિયાન ૨.૦' અને જલ મહોત્સવ ૨૦૨૬ વિશે વિગતવાર માહિતી આપી હતી. ત્યારબાદ 'સંપૂર્ણ અભિયાન (આરોગ્ય અને પોષણ, કૃષિ, સામાજિક વિકાસ, શિક્ષણ, માળખાગત સુવિધા)' પર એક નાનો વિડીયો બતાવવામાં આવ્યો હતો અને સ્થાનિક કલાકારો દ્વારા પરંપરાગત તારપા નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

દાદરા નગર હવેલીના કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરે 'સંપૂર્ણ અભિયાન ૨.૦' અંતર્ગત પાણી સંરક્ષણ અને જાગૃતિ અને પાણીના મહત્ત્વ પર પ્રેરણાદાયક ભાષણ આપ્યું હતું. તેમણે હાજર રહેલા તમામ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને કર્મચારીઓને 'સંપૂર્ણ અભિયાન ૨.૦' અને પાણીના મહત્ત્વ અને જાગૃતિ અંગે શપથ લેવડાવ્યા હતા. આ સાથે, જિલ્લા પંચાયત દાદરા નગર હવેલીએ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન વિભાગના ખરડપાડા ગ્રામ પંચાયતના સ્વ-સહાય જૂથ (ગૌરી મહિલા મંડળ), મસાટ ગ્રામ પંચાયતના સ્વ-સહાય જૂથ (એન્જલ મહિલા મંડળ) અને દપાડા ગ્રામ પંચાયતના સ્વ-સહાય જૂથ (સયોના મહિલા મંડળ)ને સિલ્વન કાર્ડ પ્રદાન કરી હતી.

જલ મહોત્સવ પખવાડા-૨૦૨૬ના વિકસિત ભારતની થીમ હેઠળ આયોજિત નિબંધ લેખન સ્પર્ધામાં કેન્દ્રીય પ્રાથમિક વિદ્યાલય નરોલી (ગુજરાતી માધ્યમ)ની શિવાની કુમારી વારલીને પ્રથમ પુરસ્કાર, કેન્દ્રીય પ્રાથમિક વિદ્યાલયની ભૂમિકા પાંડુરંગ કાવરને દ્વિતીય પુરસ્કાર અને અને સેન્ટ્રલ પ્રાઈમરી સ્કૂલ ખાનવેલ (અંગ્રેજી માધ્યમ)ના કોયલ બિશ્વાસને ત્રીજું ઈનામ આપવામાં આવ્યું હતું. ઉપરાંત, 'હું પણ પાણી રક્ષક છું' થીમ હેઠળ આયોજિત ચિત્ર સ્પર્ધામાં, સેન્ટ્રલ પ્રાઈમરી સ્કૂલ ખાનવેલ (ગુજરાતી માધ્યમ)ના પુનમ નવસા કુવરાને પ્રથમ ઈનામ, સેન્ટ્રલ પ્રાઈમરી સ્કૂલ ખરડપાડા (ગુજરાતી માધ્યમ)ના કવિતાબેન સતીષભાઈ પાગીને બીજું ઈનામ અને સેન્ટ્રલ પ્રાઈમરી સ્કૂલ સેલવાસ (અંગ્રેજી માધ્યમ)ના આર્ય અશોક યાદવને ત્રીજું ઈનામ આપવામાં આવ્યું હતું. 'સંપૂર્ણ અભિયાન ૨.૦'નો ઉદ્દેશ્ય દરેક વ્યક્તિ અને પરિવારને આરોગ્ય, પોષણ, શિક્ષણ, મૂળભૂત સુવિધાઓ અને આજીવિકા સેવાઓ પૂરી પાડવાનો છે. સગર્ભા સ્ત્રીઓની સંભાળ, રોગની તપાસ, પૌષ્ટિક ખોરાકની ઉપલબ્ધતા, ખેડૂતોને સહાય, નળના પાણીના જોડાણો, ડિજિટલ સાક્ષરતા અને સ્વ-સહાય જૂથોને સશક્ત બનાવવા પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, જેના દ્વારા નાગરિકોને સ્વસ્થ, શિક્ષિત અને ગૌરવપૂર્ણ જીવન પ્રદાન કરવા માટે કાર્ય કરવામાં આવી રહ્યું છે.

# સુનિલ ગોલ્ડે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યુ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૦**

મુંબઈ સ્થિત સુનિલ ગોલ્ડ ઈન્ડિયા લિમિટેડે તેના સૂચિત આઈપીઓ માટે સેબીમાં તેનું ડીઆરએચપી ફાઈલ કર્યુ છે. સુનિલ ગોલ્ડ બિઝનેસ-ટુ-બિઝનેસ (બીટુબી) મોડેલ પર કામ કરે છે. સુનિલ ગોલ્ડના ઈક્વિટી શેરનું બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) પર લિસ્ટિંગ કરવાની યોજના છે. યુનિસ્ટોન કેપિટલ આ ઈશ્યૂના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર છે. આ ઈશ્યૂમાં ૨ કરોડ ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને ૬૫ લાખ ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે, જે સાથે કુલ ૨.૬૫ કરોડ ઈક્વિટી શેર છે. અનિલ જૈન અને શ્રેણિક જૈન પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ છે. ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી રકમ લગભગ રૂ.૨૦૦ કરોડનો ઉપયોગ કંપનીની કાર્યકારી મૂડી જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ભંડોળ પૂરું પાડવા માટે કરવાનો પ્રસ્તાવ છે. કંપનીએ ૨૦૧૨માં મુંબઈ, મહારાષ્ટ્રથી સોનાના ઝવેરાતના બીટુબીસપ્લાયર તરીકે તેની કામગીરી શરૂ કરી હતી અને ત્યારથી રત્નાકર ગોલ્ડ સાથે ભાગીદારીથી બેંગ્લોરમાં વિસ્તરણ કર્યુ છે. તે હસ્તકલાવાળા સોનાના ઝવેરાતની ડિઝાઈન અને સપ્લાયની કામગીરી કરે છે.

૮૦,૦૦૦ થી વધુ ડિઝાઈનના તેના પોર્ટફોલિયોમાં માંગ-ટિક્કા, કાનની બુટ્ટીઓ, ચેઈન, નેકલેસ, ચોકર્સ, આર્મલેટ્સ, બંગડીઓ, વીંટીઓ, નવવધૂના ઘરેણાં, સંપૂર્ણ લગ્ન સેટ અને અન્ય પ્રસંગોમાં પહેરવા માટેના ઘરેણાંનો સમાવેશ થાય છે. ગોલ્ડ જ્વેલરી કંપની મુખ્યત્વે સ્થાનિક બજારમાં કામ કરે છે અને ભારતના આઠ રાજ્યો તથા એક કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થિત ગ્રાહકોને તેની પ્રોડક્ટ્સ પૂરી પાડે છે. વધુમાં, કંપની સંયુક્ત આરબ અમીરાત અને સિંગાપોરના ગ્રાહકોને પણ સોનાના ઝવેરાતની પ્રોડક્ટ્સ પૂરી પાડે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫માં, કંપનીએ લગભગ ૫૦૪.૫૮ કિલો સોનાનું પ્રોસેસિંગ કર્યુ હતું અને કુલ આવક નાણાંકીય વર્ષ ૨૦૨૫માં રૂા. ૫૨૧.૧૪ કરોડ થઈ હતી.

# વર્ષ ૨૦૨૯ સુધીમાં સમગ્ર ગુજરાતને 'ફાટકમુક્ત' કરવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય



## બારડોલીમાં રેલવે ઓવરબ્રિજ બનતાં આસપાસનાં ગામોના ૧.૨૫ લાખથી વધુ નાગરિકોને અવરજવરમાં સરળતા ઊભી થશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૧૦**

વિધાનસભા ગૃહ ખાતે રાજ્યમાં રેલવે બ્રિજ અંગેના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે સમગ્ર રાજ્યમાં રેલવે ફાટક પરથી અવરજવર સુગમ બને તે માટે આગામી વર્ષ-૨૦૨૯ સુધીમાં સમગ્ર રાજ્યને ફાટકમુક્ત બનાવવાનું સરકારનું લક્ષ્ય છે. જે અંતર્ગત, રાજ્યના વિવિધ વિસ્તારોમાં સ્થિતિ અંગેની આંકડાકીય વિગતો આપતાં શ્રી દેસાઈએ જણાવ્યું કે રાજ્યમાં નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં કુલ ૩૬૭ રેલવે ફાટક આવેલાં છે. જે પૈકી ૧૩૦ ફાટક પર ઓવરબ્રિજ/અંડરબ્રિજની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જ્યારે ૫૨ જેટલાં ઓવરબ્રિજ/અંડરબ્રિજનાં કામ પ્રગતિમાં છે અને અન્ય ૪૬ જેટલાં કામો મંજૂરી હેઠળ છે.

આ સિવાય, બાકી રહેલાં ૧૩૭ ફાટક માટે ફિઝિબિલિટી રિપોર્ટના આધારે જરૂરિયાત અનુસાર કામગીરી હાથ ધરવામાં આવશે. જે કામગીરી પૂર્ણ થતાં વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં સમગ્ર રાજ્યને રેલવે ફાટકમુક્ત બનાવવાનું સરકારનું લક્ષ્ય છે.

બારડોલી નગરપાલિકા વિસ્તારમાં રેલવે ક્રોસિંગ પાસે આવેલા એલ.સી. નં.૨૫ પરના રેલવે ઓવરબ્રિજ વિશેની માહિતી આપતાં શહેરી વિકાસ મંત્રીએ જણાવ્યું કે આશરે ૮૬૫ મીટરની કુલ લંબાઈનો આ ઓવરબ્રિજ બનવાથી આ માર્ગ પર આવતાં વિવિધ ગામોના ૧.૨૫ લાખથી વધુ નાગરિકોને અવરજવરમાં ફાયદાકારક બની રહેશે. આ ઉપરાંત, અસ્તાન ગામ તથા નજીકના કન્યા વિદ્યાલયની ૧૫૦૦ જેટલી વિદ્યાર્થિનીઓને ફૂટ ઓવરબ્રિજ થકી અવરજવરમાં સરળતા થવાની સાથે સ્થાનિક ટ્રાફિકની સમસ્યા હલ થશે અને વાહનચાલકોના સમય અને ઈંધણની બચત થશે. આ પ્રોજેક્ટ પ્રગતિશીલ ગુજરાતની દિશામાં એક મહત્ત્વનું કદમ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

### યુદ્ધની અસર કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર


# સુરત અને વડોદરામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછત સર્જાઇ

## સુરતમાં અંદાજે ૬૭ જેટલાં કોમર્શિયલ ગેસ ડિસ્ટ્રીબ્યુટર્સ છે જેમાં ગેસ ન મળવાથી લોકોને હાલાકી પડી રહી છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૧૦**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઉદ્યોગો માટેના ગેસના પુરવઠામાં ઘટ સર્જાઈ છે, ત્યારે સુરત, વડોદરા, સહિતના શહેરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની પણ અછત સર્જાતા હોટલ, રેસ્ટોરન્ટ અને કેફે સહિતના વ્યવસાયને માઠી અસર પડી રહી છે. અગાઉ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(GPCB) પરિપત્ર જાહેર કરીને માન્યતા પ્રાપ્ત પ્રવાહી બળતણ વાપરવાની હંગામી મંજૂરી આપી હતી.

મળતી માહિતી મુજબ, મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની સીધી અસર વેપારીઓ અને ગૃહિણી પર પણ વર્તાઈ રહી છે. જેમાં યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસ સપ્લાય ચેઈનમાં અવરોધ ઉભો થતાં ગેસની ઘટના જોવા મળી રહી છે. સુરતમાં અંદાજે ૬૭ જેટલાં કોમર્શિયલ ગેસ ડિસ્ટ્રીબ્યુટર્સ છે. જેમાં ગેસ ન મળવાથી લોકોને હાલાકી પડી રહી છે. સુરતમાં



કોમર્શિયલ સિલિન્ડર મેળવવા માટે ૧૦-૧૫ દિવસનું વેઈટિંગ હોવાનું ગેસ એજન્સીના સંચાલકો જણાવી રહ્યા છે. આમ, યુદ્ધની સીધી રીતે અસર ગેસ સપ્લાય ચેઈનમાં પડી રહી હોવાથી સુરત સહિતના શહેરોમાં ગેસની અસર વર્તાઈ રહી છે. જેના કારણે અનેક ધંધાર્થીઓ ચિંતામાં મૂકાયા છે.વડોદરા શહેરમાં પણ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછતના કારણે વેપારી સહિતના લોકોને હાલાકી પડી રહી છે. ડિસ્ટ્રિબ્યુટર એસોસિએશનના જણાવ્યા અનુસાર, વડોદરામાં દિવસના ૧૪ હજાર સિલિન્ડરની જરૂરિયાત છે, તેની સામે હાલ ૨૦ હજારની ઈક્વાયરી આવે છે. હાલની પરિસ્થિતિને જોતા લોકો આગામી સમયને ધ્યાનમાં રાખીને ગેસ સિલિન્ડરની માંગ કરી રહ્યા છે. જો કે, માંગ અને પુરવઠા વચ્ચેના તફવતના કારણે આ સમસ્યા ઉભી થઈ છે. શહેરમાં કુલ ૩૬ જેટલાં ડિસ્ટ્રીબ્યુટર્સ છે.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સુરેશ ઉમતીયા : 98259 89444**

# ભિલાડ હાઈવે સ્થિત શ્રી બાલકૃષ્ણ મંદિરમાં પરમાં પાટોત્સવની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૦**

ભિલાડ હાઈવે સ્થિત શ્રી ગોપાલકૃષ્ણ મંદિરે પરમાં પાટોત્સવ પ્રસંગે સવારથી ભજન કીર્તન પૂજા-અર્ચના હોમહવન કરવામાં આવેલ છે.

આ અવસરે શ્રી મહેશભાઈ મગનલાલ મહારાજશ્રીના આમંત્રણને માન આપી ખાસ પધારેલ ભિલાડ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પીઆઈ શ્રી એસ.એસ.પવાર, એલઆઈબીના શ્રી નિલેશભાઈ સાથે વિશ્વ હિન્દુ પરિષદ વલસાડ નવસારી આહવા ડાંગ વિભાગના વિશેષ પ્રમુખશ્રી પિયુષભાઈ શાહ, ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખશ્રી નીરવભાઈ શાહ, વાપી નોટિફાઈડના શ્રી મહેશભાઈ ભટ્ટ, પંચાયતના માં. ઉપ.સરપંચ શ્રી રાજેશભાઈ નાવી, હિંસા નિવારણ સંઘના શ્રી ગૌતમભાઈ કિતાવત, વિહિપ સહમંત્રીશ્રી હિતેશભાઈ પુનમિયા, સામાજીક કાર્યકર શ્રી રાજેશભાઈ વારલી, ઈન્ડોકાઉન્ટ (GHCL)ના સંચાલક શ્રી મનોજભાઈ ઝા, નહેર વિભાગના મિશ્રાજી સાથે અચ્છારી મા.સરપંચ શ્રી રામુભાઈને પુરોહિત મહારાજશ્રીએ તિલક કરી મંદિર ટ્રસ્ટના શ્રી મહેશભાઈ દ્વારા ખેસ પહેરાવી સન્માન સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે સાથે હોમ હવનમાં બેસેલ તમામ જોડાઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપી હતી.

આ અવસરે મહારાજ દ્વારા શ્રી ગોપાલકૃષ્ણ સાથે શ્રી નર્મદેશ્વર મહાદેવજી, કુળદેવી માંના આશીર્વાદ સાથે ભગવાનની અસિમ કૃપાથી સૌનું કલ્યાણ થાઓ એવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# વાપી સલવાવની શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ ખાતે પ્રિ-પ્લેસમેન્ટ ટોકનું આયોજન કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૦**

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવ, સંચાલિત શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવ-વાપી દ્વારા આઈ.ક્યું.એ.સી. અને ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલના માર્ગદર્શન હેઠળ તારીખ ૦૯/૦૩/૨૦૨૬ સોમવારના રોજ ફાર્મસીના વિદ્યાર્થીઓ માટે કોલેજ કેમ્પસમાં પ્રી-પ્લેસમેન્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સમગ્ર માર્ગદર્શન કેમ્પસ એકેડેમિક ડિરેક્ટર પ્રોફેસર ડૉ.શૈલેષ વી.લુહાર અને આચાર્યશ્રી ડૉ.સચિન બી.નારખેડેના કુશળ આયોજન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ટેક્નીકલ સંચાલન પ્રોફેસર ડૉ.કાંતિલાલ બી. નારખેડેએ તેમજ પ્લેસમેન્ટ સેલના ઓફિસર અને આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રીમતિ માનસી એમ. બારોટ દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રિસોર્સ પર્સન તરીકે વાપી સ્થિત મેરિલ ડાયગ્નોસ્ટિક્સ પ્રા. લિ.કંપનીના ક્વોલિટી એશ્યોરન્સ વિભાગના આસિસ્ટન્ટ મેનેજર તથા શ્રીમતી બી.એન.બી. સ્વામિનારાયણ ફાર્મસી કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી નિર્મલ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ સત્રનો મુખ્ય ઉદ્દેશ બી.ફાર્મસી અને એમ.ફાર્મસી વિદ્યાર્થીઓને ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી માટે તૈયાર કરી ઉદ્યોગમાં ઉપલબ્ધ કારકિર્દી તકો અંગે માર્ગદર્શન આપવું અને તેમને ઉદ્યોગની અપેક્ષાઓ, ગુડ મેન્યુફેક્ચરીંગ પ્રેક્ટીસ, ક્વોલિટી કલ્ચર અને નિયમનકારી અનુપાલન, ગુણવત્તાના ધોરણો જાળવવાની મહત્વતા, યોગ્ય દસ્તાવેજીકરણનું પાલન તથા ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં કાર્ય કરવા માટે જરૂરી વ્યાવસાયિક કૌશલ્યો વિકસાવવાની જરૂરિયાત જેવા વિવધ મુદ્દાઓ વિશે મૂલ્યવાન માહિતીઓ આપવામાં આવી હતી.

આ સત્રમાં ફાર્મસી ગ્રેજ્યુએટ્સ પાસેથી ઉદ્યોગની અપેક્ષાઓ, રોજગાર માટે જરૂરી મહત્વપૂર્ણ કૌશલ્યો તથા ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગમાં ગુણવત્તા ખાતરી (કવોલીટી એશ્યુરન્સ)ની ભૂમિકા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે ટેક્નીકલ જ્ઞાન, સંવાદ કૌશલ્ય અને વ્યાવસાયિક વલણ વિકસાવવાની પ્રેરણા આપવામાં આવી હતી. આ સત્ર ખુબજ માહિતીપ્રદ અને સંવાદાત્મક રહ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કારકિર્દીની તકો અને ઉદ્યોગની કાર્યપદ્ધતિઓ સંબંધિત પ્રશ્નો પુછી સક્રિય રીતે ચર્ચામાં ભાગ લીધો હતો. જેમાં તેમને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં ઈન્ડસ્ટ્રી રેડીનેસ અને કારકિર્દી માટેની તૈયારી વિશે વધુ સારી સમજ પ્રાપ્ત થઈ હતી.

આ કાર્યક્રમનું સફળ સંકલન આઈ.કયું.એ.સી. અને ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા ફેકલ્ટી સભ્યોના સહયોગથી કરવામાં આવ્યું હતુ.

સંસ્થાએ વિશેષ આમંત્રિત વક્તાનો હ્દયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. જેમણે વિદ્યાર્થીઓને તેમના વ્યાવસાયિક વિકાસ માટે માહિતીપ્રદ માર્ગદર્શન આપ્યું હતું. જે બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસ, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસ, પૂજ્ય રામ સ્વામી, પૂજ્ય હરિ સ્વામી, સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, કેમ્પસ એકેડમિક ડિરેકટર, પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહાર, કેમ્પસ એડમીન ડિરેક્ટર શ્રી હિતેન બી. ઉપાધ્યાય, આચાર્યશ્રી ડો.સચિન બી. નારખેડે અને તમામ સ્ટાફે દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### વન વિભાગ દ્વારા

# ચીખલી તાલુકામાં દીપડા અને તેના બચ્ચાના ફોટો-વીડિયો વાયરલ કરનાર બે વ્યક્તિઓના જવાબ લેવાની તજવીજ હાથ ધરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૧૦**

ચીખલી તાલુકામાં હાલે મહત્તમ શેરડીની કાપણી થઈ જતા ગામે ગામ ખેતરો ખુલ્લા થતાં દીપડાઓના જાહેરમાં આંટાફેરા વધ્યા છે. બોડવાંક બાદ કુકેરીમાંથી પણ દીપડાના નવજાત મળી આવ્યા છે. દીપડાના બચ્ચા મળી આવ્યા બાદ વન વિભાગ દ્વારા આ બચ્ચાનો તેની માતા સાથે મિલાપ કરાવવા પ્રયત્નો હાથ ધરાતા હોય છે અને તે માટે નાઈટ વિઝન કેમેરા પણ ગોઠવાતા હોય છે.

ઉપરોક્ત સ્થિતિમાં બોડવાંક ગામમાંથી ગત પહેલી માર્ચના રોજ શેરડીના ખેતરમાંથી દીપડાના ત્રણ જેટલા નવજાત બચ્ચા મળી આવ્યા હતા. જ્યાં પણ વન વિભાગ દ્વારા કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. આ દરમિયાન હાલે પાંચેક દિવસ પૂર્વે સોશિયલ મીડિયામાં ભારતીય ગામડાનો દીપડો નામના પેઈજ ઉપર દીપડીના બચ્ચા અને આ બચ્ચાને મોઢામાં ઊંચકીને તેની માતા જતી હોય તે મુજબની રીલ વાયરલ કરવામાં આવી હતી. ઉપરાંત આ પેઈજ પર દીપડો અને તેના બચ્ચાનો ફોટો, વીડિયો, રીલ સોશિયલ મીડિયામાં વહેતો કરી વન્યજીવોનું અંગત જીવન જાહેરમાં ઉજાગર કરવામાં આવ્યું છે. જેનાથી દીપડા જેવા વન્યજીવોના સંરક્ષણ સામે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

વન વિભાગ દીપડા જેવા વન્યપ્રાણીઓની બાબતમાં બિનઅધિકૃત વ્યક્તિ પર નિર્ભર રહેતુ હોય તેવા સંજોગોમાં દીપડાનું મોત નીપજે કે દીપડા દ્વારા હુમલો થાય અને કોઈ જાનહાની થાય તો જવાબદાર કોણ? ચીખલી રેન્જ કચેરીમાં અધિકારીઓના બેદરકારીભર્યા વહીવટમાં હાલે બિનઅધિકૃત વ્યક્તિનો દબદબો વધી ગયો છે.

જોકે, સમગ્ર મામલે બે વ્યક્તિઓના નામ બહાર આવતા વન વિભાગ દ્વારા તેઓના જવાબ લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

આરએફઓ શ્રી રમેશભાઈ ગાવીતના જણાવ્યાનુસાર દીપડા કે તેના બચ્ચાના ફોટા-વીડિયો વાયરલ થવા અંગે તપાસ હાથ ધરી છે. જેમાં દિપડાના રેસ્ક્યુની કામગીરી સાથે જોડાયેલા પ્રોફેસર ડો. નવાઝ પાસેથી શ્રી હિમલ મહેતાને દીપડાના વીડિયો મળ્યા હતા. જેથી આ બંનેના જવાબ લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# વલસાડ જિલ્લામાં માર્ચ માસનો તાલુકા અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ,તા.૧૦**

રાજ્યમાં નાગરિકોના ગ્રામ્ય કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરીયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ ‘જિલ્લા સ્વાગત’, તાલુકા સ્વાગત કાર્યક્રમ ચાલુ કર્યો છે. માહે-માર્ચ-૨૦૨૬ માસમાં સ્વાગત કાર્યક્રમ હેઠળ અરજીઓ મંગાવવામાં આવી છે.

માર્ચ-૨૦૨૬ માસનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૦૩/૨૦૨૬ને મંગળવારના રોજ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૦૩/૨૦૨૬ને બુધવારનાં રોજ યોજાશે. આ કાર્યક્રમમાં રજૂઆત કરવા માંગતા અરજદારોએ પોતાના પ્રશ્નો/રજૂઆતોનાં નિકાલ માટેની વિગતવાર અરજી, જરૂરી આધાર પુરાવાઓ સહિત અરજીઓ ‘મારી અરજી તાલુકા સ્વાગત/ જિલ્લા સ્વાગતમાં લેવી’ તેવા મથાળા હેઠળ તા.૧૦/૦૩/૨૦૨૬ સુધીમાં બિનચૂક રજુ કરવા વિનંતી છે.

ઉપરોક્ત અરજીઓ પૈકી તાલુકા કક્ષાએ નિકાલ કરવા પાત્ર ગ્રામ/તાલુકાની અરજીનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૦૩/૨૦૨૬ને મંગળવારે જે-તે તાલુકાની મામલતદાર કચેરીમાં સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે, જેથી અરજી કરનાર અરજદારોને જે-તે મામલતદાર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

ઉપરોક્ત અરજીઓ પૈકી જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર અરજીઓનો જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૦૩/૨૦૨૬ને બુધવારે કલેક્ટર કચેરી, વલસાડનાં સભાખંડમાં સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે. આ કામે જે તે અરજદારોને કલેક્ટર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોર્ટ કેસ/સબ જયુડીશીયલ બાબતો/માહિતી અધિકારી હેઠળની અરજીઓ/ સેવાકીય બાબતો/ કોઈ ખાતાની નિમણુંકની બાબતો, સર્વિસ મેટર અને અરજદારની સહી વગરની અરજીઓ લેવામાં આવશે નહી, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી. સ્વાગત કાર્યક્રમમાં અરજદારશ્રી બે થી વધુ પ્રશ્ન રજુ કરી શકશે નહી.

# વલસાડના વલંડી ગામમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૦**

વલસાડ તાલુકાના વલંડી ગામમાં પ્રાકૃતિક ખેતી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટીપીએમ શિવાની ગઢવી, ટીના પટેલ અને પ્રગતિશિલ ખેડૂત નિતેશભાઈએ ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી હતી. પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત અને ઘન જીવામૃતના ઉપયોગથી થતા ફાયદા વિશે ખેડૂતોને સમજાવવામાં આવ્યું હતું.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં દેશી અળસિયાઓની ભૂમિકા બહુ જ મહત્વપૂર્ણ હોય છે. દેશી ગાય આધારિત ખેતી કરવાથી જમીનને ફળદ્રુપ અને તંદુરસ્ત બનાવી શકાય છે. દેશી ગાય આધારિત ખેતી કરવાથી આપણે ઝેર મુક્ત ઉત્પાદન લઈ શકીએ છીએ તે અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેત પેદાશોનું વેલ્યુ એડિસન કરી તેનું મૂલ્ય વર્ધન કરીને વધુ આવક મેળવી શકાય તે માટેની માહિતી આપવામાં આવી હતી.

# કોબા પ્રાથમિક શાળા ખાતે બાલુભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે તિથિ ભોજનનું આયોજન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ઓલપાડ, તા.૧૦**

ઓલપાડની કોબા પ્રાથમિક શાળા ખાતે ગામનાં વતની બાલુભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે તિથિ ભોજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાનાં વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષની જેમ બાલુભાઈનાં પરિવારજનો દ્વારા પ્રેમ અને લાગણી સાથે તિથિ ભોજન પીરસવામાં આવ્યું હતું. આ અવસરે વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે શૈક્ષણિક કીટ પણ અર્પણ કરવામાં આવી હતી. બાલુભાઈનાં સેવાભાવને યાદ કરી શાળાનાં આચાર્ય ધર્મેન્દ્ર પટેલ સહિત ઉપસ્થિત સ્ટાફગણ, શાળા વ્યવસ્થાપન સમિતિ તથા વાલીઓએ આવી દાતારી પરંપરા ચાલુ રાખવા બદલ તેમનાં પરિવારજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સંકટ સમયની સાચી સખી ‘૧૮૧ અભયમ’ સેવાના ૧૨ વર્ષ પૂર્ણ

# ગુજરાતમાં ૧૨ વર્ષમાં કુલ ૧૮.૧૦ લાખથી વધુ અને વલસાડ જિલ્લામાં ૨૪૮૭૮ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન આપી જાગૃત કરાઈ

### ૧૮૧ મોબાઈલ એપના ‘પેનિક બટન’ અને ‘ફોન શેકિંગ’ જેવા ફીચર્સ મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ મહિલાઓને હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે




### ૧૮૧ મહિલા હેલ્પલાઈન નંબર રાજ્યની લાખો મહિલાઓ માટે મજબૂત સુરક્ષા કવચ સાબિત થયું

**આલેખન - સલોની પટેલ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૦**

ગુજરાત એટલે શાંતિ, સલામતી અને સમૃદ્ધિનું પર્યાય. રાજ્યમાં વસતી પ્રત્યેક મહિલા પોતે સુરક્ષિત અનુભવે અને મુશ્કેલીના સમયે તેને કોઈ મજબૂત સાથ મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે. આ વર્ષે ૮મી માર્ચ, ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ના રોજ ગુજરાતની મહિલાઓની સુરક્ષાની કરોડરજ્જુ સમાન ‘૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન’ પોતાની સફળ સેવાના ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે ત્યારે આવો જાણીએ તેની કામગીરી અને સિદ્ધિઓ વિશે...

મહિલાઓ વિરુદ્ધ થતી ઘરેલું હિંસા હોય કે જાહેર સ્થળે થતી છેડતી, ગુજરાત સરકારે ટેક્નોલોજી અને સંવેદનાનો સમન્વય સાધીને ૮ માર્ચ ૨૦૧૫ના રોજ ‘૧૮૧ અભયમનો રાજ્યવ્યાપી પ્રારંભ કર્યો હતો. આજે આ હેલ્પલાઈન માત્ર એક નંબર નથી. પરંતુ ગુજરાતની મહિલાઓ માટે એક મજબૂત સુરક્ષા કવચ સાબિત થયું છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષમાં કુલ ૧૮,૧૦,૯૧૩થી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન પૂરૂ પાડીને તેમને જાગૃત કરવામાં આવી છે. આ સેવા માત્ર ફોન પૂરતી સીમિત ન રહેતા ૩,૬૦,૯૬૪ જેટલા કિસ્સાઓમાં અભયમની ટીમે ઘટના સ્થળ પર જઈને મહિલાઓને તાત્કાલિક મદદ પહોંચાડી છે.

વલસાડ જિલ્લામાં છેલ્લા ૧૨ વર્ષનાં સમયગાળાની સફળ કામગીરી દરમિયાન ૧૮૧ ‘અભયમ’ મહિલા હેલ્પલાઈન દ્વારા કુલ ૨૪૮૭૮ જેટલા કિસ્સાઓમાં જરૂરિયાત મુજબ સલાહ- સૂચન, માર્ગદર્શન અને બચાવની મદદ પુરી પાડવામાં આવી છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલર સહિતની ટીમ દ્વારા ૫૬૫૪ જેટલી મહિલાઓને મદદ પુરી પાડી છે.

વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ૨૭૪૩ જેટલી જરૂરિયાતમંદ મહિલાઓના કોલ આવ્યા હતા જેમાંથી ૫૫૩ કિસ્સાઓમાં અભયમ રેસ્ક્યુ વાન ડિસ્પેચ કરી ૩૯૩ કેસમાં સમાધાન અને ૧૩૭ કેસમાં મહિલાઓને બચાવ અર્થે વિવિધ એજન્સીઓમાં રિફર કરવામાં આવ્યા હતા. કુલ કોલમાં કસ્ટડીના ૬૨, ઘરેલું હિંસાના ૧૩૯૧, લગ્ન જીવનના વિખવાદો ૧૮૯, જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી યોજનાઓની પ્રાથમિક માહિતીના ૧૫૭, શારિરીક, માનસિક, જાતીય હેરાનગતીના ૩૬૪, પરિવાર છોડેલ ૫૨, અન્ય સબંધોના ૭૩, કાયદાકીય માર્ગદર્શન ૩૬, બીનજરૂરી કોલ મેસેજથી હેરાનગતિનાં ૪૯ અને અન્ય મહિલાલક્ષી પ્રશ્નોના ૪૫૦ જેટલા કોલ આવ્યાં હતાં. વર્ષ દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી સંરક્ષણ ગૃહ, ઓ.એસ.સી, પી.બી.એસ.સી, આશ્રય ગૃહ અને સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરો તરફથી નોંધપાત્ર સહયોગ મળી રહ્યો હતો. અભયમ ટીમ દ્વારા વિવિધ ફરિયાદોના કોલને પહોંચી વળી હકારાત્મક ઉકેલ લાવી સામાજિક એક્તા અને સુલેહ માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત સરકારના ગૃહ વિભાગ અને મહિલા-બાળ વિકાસ વિભાગના અદભૂત સંકલનથી આજે રાજ્યની મહિલાઓ માટે ટેક્નોલોજીથી સજ્જ એક અભેદ્ય સુરક્ષા માળખું તૈયાર થયું છે. ૨૪×૭ કાર્યરત આ સેવામાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ અને તાલીમબદ્ધ કાઉન્સિલર્સની ટીમ દિવસ-રાત ફરજ નીભાવે છે. રાજ્યમાં દોડતી ૫૯ અત્યાધુનિક અભયમ રેસ્ક્યુ વાન માત્ર વાહન નથી, પણ જીપીએસ ટ્રેકિંગથી સજ્જ એક મોબાઈલ સુરક્ષા કેન્દ્ર છે, જે દેશભરમાં એક નવતર પહેલ ગણાય છે.

નારી સુરક્ષા એ જ અમારી પ્રાથમિકતાના લક્ષ્યાંક સાથે ગુજરાત સરકાર કામ કરી રહી છે. આજે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા રાજ્યની દીકરીઓ અને મહિલાઓ ખરા અર્થમાં ‘અભય’ બનીને પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

### ‘૧૮૧ મોબાઈલ એપ’ના ‘પેનિક બટન’ અને ‘ફોન શેકિંગ’ ફિચર્સ ચોક્કસ લોકેશન હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે

ડિજિટલ યુગમાં મહિલાઓની સુરક્ષાને વધુ સ્માર્ટ બનાવતા ‘૧૮૧ મોબાઈલ એપ’માં આપવામાં આવેલા ‘પેનિક બટન’ અને ‘ફોન શેકિંગ’ જેવા ફીચર્સ મહિલાઓને મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ પોતાનું ચોક્કસ લોકેશન હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે. આમ, પરંપરાગત મદદ અને આધુનિક ટેક્નોલોજીના સંગમથી ગુજરાતની નારી આજે આત્મવિશ્વાસ સાથે પોતાને વધુ સુરક્ષિત અનુભવે છે.

### મદદ માંગનાર મહિલાઓની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામા આવે છે

આ મહિલા હેલ્પલાઈન માત્ર હિંસા જ નહીં, પણ સાયબર ગુનાઓ, લગ્ન જીવનના વિખવાદો, કાનૂની જોગવાઈઓ અને સરકારી યોજનાઓની માહિતી પણ પૂરી પાડે છે. મહત્વની વાત એ છે કે, મદદ માંગનાર મહિલાની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે. ગુજરાતમાં રહેતી અન્ય રાજ્યની મહિલાઓ પણ આ સેવાનો નિ:શુલ્ક લાભ લઈ શકે છે.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ઈઝરાયલ-ઈરાન-અમેરિકા યુદ્ધનો માર ગરીબ-મધ્યમ વર્ગ ઉપર: એલપીજી ઉપર સિલિન્ડર દીઠ રૂા. ૬૦નો વધારો

**પ**શ્ચિમ એશિયામાં ચાલી રહેલાં યુદ્ધનો ભાર આખરે ભારતમાં સામાન્ય નાગરિકો ઉપર પડ્યો છે! પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક આપણા પાસે હોવાનું ગાણું ગાયા બાદ કેન્દ્ર સરકારે રાંધણ ગેસ લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ(એલપીજી)ના સિલિન્ડર દીઠ રૂા. ૬૦ના વધારાને મંજૂરી આપી દીધી અને પછી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશને અમલ શરૂ કર્યો છે. ભારતમાં રાંધણગેસ એલપીજીના ગ્રાહકોની સંખ્યા ૩૩ કરોડથી પણ વધુ છે, જેમાં ઉજ્જવલા યોજના હેઠળ આવતા લોકોને રૂા.૩૦૦ની રોકડ સબસિડી અપાતી હોવાથી સિલિન્ડર દીઠ રૂા.૬૧૩ ચૂકવવાના હોય છે.



અત્રે યાદ રહે કે, રાંધણગેસ હોય કે પેટ્રોલ-ડીઝલના ભાવના ભાવમાં વધારો થતા તેનું ભારણ મધ્યમ અને ગરીબ વર્ગ ઉપર જ વધુ પડતુ હોય છે. રેસ્ટોરાં અને હોટેલો માટે ગેસ મોંઘો પડશે, તેથી ગ્રાહકોને 'બોનસ' આપીને એમના સિલિન્ડર ખરીદવાની પ્રવૃત્તિ વધશે અને ગ્રાહકો માટે સિલિન્ડરની અછત વધે એવી શક્યતા છે, પણ તેની સામે સરકારે એડવાન્સમાં પગલાં લીધાં છે. એસેન્સીઅસ કોમોડિટીઝ એક્ટ હેઠળ વધારાની સત્તા મેળવીને તેલ રિફાઈનિંગ કંપનીઓને તાકીદ કરવામાં આવી છે કે, રાંધણગેસનું ઉત્પાદન વધારો અને એલપીજીનો ઉપયોગ પેટ્રોકેમિકલ પેદાશોના ઉત્પાદન માટે થઈ શકશે નહિ. સરકારે એવો પણ નિયમ કર્યો છે કે, ગેસનો બાટલો ૨૫ દિવસ પછી જ મળશે. રાંધણગેસના ભાવવધારા સામે સંસદમાં વિરોધ થાય અને આગામી રાજ્યોની ચૂંટણીમાં વિપક્ષોને આક્રમક અને સારો એક મુદ્દો મળશે. મોંઘવારીનો મુદ્દો હવે વિપક્ષોની વહારે આવશે. આ ભાવવધારો આપણા પાડોશી દેશ પાકિસ્તાન, શ્રીલંકા અને નેપાળમાં થયેલા વધારાથી ઓછો હોવાની દલીલ થાય છે, પણ તેનાથી રાહત કે સાંત્વના મળે શકે નહિ. વાસ્તવિકતા છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવર્તમાન ભાવ છે તે ભારતમાં લાગુ પડાય તો સિલિન્ડર દીઠ રૂા.૧૩૪ વધારવા પડે! આપણા દેશની ત્રણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓની ખોટ આ વર્ષે નવ મહિનામાં જ રૂા.૨૦ હજાર કરોડ હોવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. ગયા વર્ષે આ ખોટ ૪૦ હજાર કરોડ હતી અને વર્ષાન્તે સરકારે ૩૦ હજાર કરોડ ખાધ પૂરવા આપ્યા હતા. એલપીજીની આપણી જરૂરિયાતના ૫૦ ટકા આયાત થાય છે અને તેના ભાવ સાઉદી કોન્ટ્રાક્ટ પ્રાઈસ સાથે સાંકળવા પડે છે અને આ સાઉદી કોન્ટ્રાક્ટ પ્રાઈસ આ વર્ષે ૪૬૬ ડોલરથી વધીને ૫૪૨ ડોલર થઈ છે! પણ ભારત સરકારે સ્વદેશી ભાવ અંકુશમાં રાખીને રાહત આપી છે. હવે પશ્ચિમ એશિયામાં યુદ્ધ લંબાઈ રહ્યું છે અને હોર્મુઝ ખાડીની તંગદિલી જોતાં આ સ્થિતિમાં રાહત થવાની આશા નથી. અખાત યુદ્ધની અસર દુનિયાના દેશોના અર્થતંત્ર ઉપર પડશે. વેપાર-કારોબાર ઠપ થયો છે. અખાત દેશોના બંદર સુમસામ છે અને કચ્છ-ગુજરાત કે દેશના બંદરો પરથી સમુદ્રી વ્યવહાર ખોરવાઈ ગયો છે. હજુ લડાઈ કેટલી ચાલશે એ નક્કી નથી. ભવિષ્યના દિવસો વધુ ડરામણા હોવાની ભીતિ સેવાઈ રહી છે.

# ૧૧ માર્ચ, 'નો સ્મોકિંગ ડે'-ધુમ્રપાન નિષેધ દિવસ

''જીવન સુંદર છે તેને ધુમાડામાં જવા ન દો, જિંદગી પસંદ કરો, તમાકું નહિ''

સિગારેટનાં એક છેડે ધુમાડો હોય છે અને બીજે છેડે મુર્ખ

'ધુમ્રપાન નિષેધ દિવસ' દર વર્ષે માર્ચ મહિનાનાં બીજા બુધવાર પર મનાવવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ ધુમ્રપાન નિષેધ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. આ દિવસ ઉજવવાની શરૂઆત સન ૧૯૮૪થી થઈ હતી. ધુમ્રપાન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એક અંદાજ મુજબ સામાન્ય રીતે ધુમ્રપાનનો શિકાર દરેક ૧૨થી ૧૭ વર્ષની વયના યુવા થાય છે. આ પાછળનું કારણ ક્યારેક કંઈક નવું કરવાની જિજ્ઞાસા હોય છે તો ક્યારેક અન્ય કરતાં પોતે મોટા છે એવું સાબિત કરવાની લાલસા પાછળ સગીર વયે વ્યક્તિ ધુમ્રપાનનો શિકાર થાય છે. ધુમ્રપાન નિષેધ માટે જનજાગૃતિ હેતુ આ દિવસ પસંદ કરવામાં આવ્યો છે, પરંતું ખરેખર તો આવા માદક પદાર્થોનાં નિષેધ માટે કોઈ પણ નિશ્ચિત દિવસ હોતો નથી. 'જાગ્યા ત્યારથી સવાર' એ સૂત્ર મુજબ કોઈ પણ વ્યક્તિ ઈચ્છે ત્યારે તેને બંધ કરી શકે છે, બસ આ માટે જે તે વ્યક્તિએ પોતાનું મન મક્કમ કરવાની આવશ્યકતા છે.




ધુમ્રપાનની ખરાબ અસર મુખ્યત્વે ઉધરસ અને ગાળામાં બળતરાની સાથે શરૂ થાય છે અને સમય જતાં તે હૃદય રોગ, શ્વાસનળીનો સોજો, ન્યુમોનિયા સ્ટ્રોક અને ઘણા પ્રકારનાં કેન્સર જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ સહિત વધુ ગંભીર પરિસ્થિતિ પણ સર્જી શકે છે, જેમાં સૌથી ગંભીર અને વધુમાં વધુ જોવા મળતી સમસ્યા ઓરલ કેન્સર (માઉથ કેન્સર) છે.

જો ધુમ્રપાન જેવી આદતો હશે તો તે ફેફસા માટે હાનિકારક બનશે અને તેનાથી મૃત્યુ પણ નીપજી શકે છે. આ ઉપરાંત ધુમ્રપાન એ સિગારેટ પીનાર વ્યક્તિ માટે તો જોખમી થઈ જ જાય છે, પરંતુ તેનાં ધુમાડાનાં કારણે ધુમ્રપાન કરતી વ્યક્તિનાં આસપાસનાં લોકોને પણ શ્વાસનાં રોગ થઈ શકે છે અને વળી સિગારેટનો ધુમાડો પર્યાવરણને પણ અતિશય નુકસાન પહોંચાડે છે.

અહિ ક્યારેક એ સવાલ પણ પેદા થાય છે કે ભારત જેવા દેશમાં જ્યાં તમાકુ, સિગારેટનાં પેકિંગ પર જ તેના ઉપભોગ કર્યા પછીના પરિણામો દર્શાવેલ હોય છે અને કોઈ ફિલ્મ બતાવતા પહેલા પણ વ્યસન નિષેધ જાગૃતિનાં વિજ્ઞાપનો દર્શાવાય છે છતાં પણ દેશમાં મોટા ભાગે લોકો કોઈ ને કોઈ વ્યસનનો શિકાર થતા જ હોય છે.

ધુમ્રપાનની સમસ્યા મુખ્યત્વે મેટ્રો સિટીમાં વધારે જોવા મળે છે તેની પાછળ મેટ્રો સિટિનું વ્યસ્ત જીવન, સતત ચાલતું અને દોડધામ કરતું શરીર અને મનને લાગતો માનસિક થાક જવાબદાર છે. વધતી જતી હરિફાઈમાં વ્યક્તિ પર સતત ને સતત કામનું દબાણ રહેવાનું એ સ્વાભાવિક છે, પરંતુ તેના કારણે માદક દ્રવ્યોનાં સેવનનું આદિ થઈ જવું એ કોઈ સમસ્યાનો હલ કહી શકાય નહિ. ધુમ્રપાનની આદત છોડવા માટે વ્યક્તિએ સૌ પ્રથમ મક્કમ નિર્ધાર કરવો પડશે જેના માટે એકાગ્રતા તેમજ ચિત્તની શક્તિની આવશ્યકતા છે. આ શક્તિ પ્રાણાયામ અને યોગથી શક્ય બની શકશે. ધુમ્રપાન સહિત તમામ વ્યસનોનો ત્યાગ કરીએ.

**-મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**


# LPGની અછતના કારણે મુંબઈ, બેંગલુરૂ અને ચેન્નાઈ સહિતના શહેરોના રેસ્ટોરન્ટ પર સંકટ

## ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરમાં અંદાજે રૂપિયા ૧૧૫ અને ઘરેલું સિલિન્ડરમાં રૂપિયા ૬૦નો વધારો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, બેંગલુરૂતા.૧૦**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષની સીધી અસર હવે ભારતના રસોડા સુધી પહોંચી છે. ગેસ પુરવઠામાં વિક્ષેપ આવતા દેશના મોટા શહેરોમાં કોમર્શિયલ LPG સિલિન્ડરની ભારે અછત સર્જાઈ છે, જેના કારણે હોટેલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગ પર સંકટના વાદળો છવાયા છે. જો LPGની સપ્લાય ટૂંક સમયમાં જ સામાન્ય નહીં થાય તો આગામી 2 દિવસોમાં શહેરના અનેક રેસ્ટોરન્ટ કેટલાક દિવસો સુધી બંધ રાખવાની ફરજ પડી શકે છે. કોમર્શિયલ ગેસની સપ્લાય અને ડિલિવરીમાં મોડું થવાથી પરિસ્થિતિ બગડતી જઈ રહી છે.બેંગાલુરૂ હોટેલ્સ એસોસિએશને જાહેરાત કરી છે કે જો ગેસનો પુરવઠો તાત્કાલિક પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે, તો શહેરની હજારો રેસ્ટોરન્ટ્સ અને ખાણી-પીણીની દુકાનો 10 માર્ચથી બંધ કરી દેવામાં આવશે. એસોસિએશનના જણાવ્યા મુજબ, અચાનક જ કોમર્શિયલ સિલિન્ડરનો સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો છે. આનાથી માત્ર હોટેલ માલિકો જ નહીં, પરંતુ દરરોજ બહાર જમતા વિદ્યાર્થીઓ, ડોક્ટરો અને સામાન્ય નાગરિકોને પણ મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. જો આવી જ પરિસ્થિતિ રહેશે તો આગામી 2 દિવસોમાં મુંબઈની તમામ રેસ્ટોરન્ટને બંધ કરવી પડી શકે છે. અત્યાર સુધી એસોસિએશનના અંદાજિત 10 થી 20 ટકા મેમ્બર્સને ગેસ સપ્લાયમાં તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે.મુંબઈમાં પણ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછતને કારણે હોટલ ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો છે. મુંબઈના ઘણા વિસ્તારોમાં રિફિલિંગ માટે 2 થી 8 દિવસ સુધીનું વેઈટિંગ જોવા મળી રહ્યું છે. ગેસ ડીલરોનું કહેવું છે કે રવિવારથી કોમર્શિયલ સપ્લાય લગભગ ઠપ જેવો છે, જેના કારણે રેસ્ટોરન્ટ માલિકો હવે કાળાબજારમાં મોંઘા ભાવે સિલિન્ડર ખરીદવા મજબૂર બન્યા છે. મહારાષ્ટ્રના પુણેમાં તો ગેસની અછતના કારણે ગેસ આધારિત સ્મશાનગૃહો પણ કામચલાઉ ધોરણે બંધ કરી દેવા પડ્યા છે.મુંબઈના રેસ્ટોરન્ટ સંચાલકોનું કહેવું છે કે, તેમને કોમર્શિયલ LPG સિલિન્ડર નથી મળી રહ્યા. મુલુંડમાં હોટલ સાગર ચલાવનારી અન્નૂ શેટ્ટીએ જણાવ્યું કે, અનેક જગ્યાઓ પર સિલિન્ડરની સપ્લાય અકટી ગઈ છે. જ્યાં મળે પણ છે ત્યાં ભાવ વધી ગયા છે. 1750 રૂપિયામાં મળનારો કોમર્શિયલ LPG સિલિન્ડર હવે 1950 રૂપિયામાં આપવામાં આવી રહ્યો છે.દક્ષિણ ભારતના ચેન્નાઈમાં પણ હોટેલ એસોસિએશને સરકારને પત્ર લખીને જાણ કરી છે કે જો ગેસ નહીં મળે તો પ્રવાસન અને સ્થાનિક ઉદ્યોગને મોટું નુકસાન થશે.



તમિલનાડુ ઉપરાંત પંજાબ, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં પણ ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસનો પુરવઠો મર્યાદિત કરી દીધો છે. સરકાર હાલમાં ઘરેલું (ડોમેસ્ટિક) ગેસના પુરવઠાને પ્રાથમિકતા આપી રહી છે જેથી સામાન્ય લોકોના ઘરના ચૂલા ચાલુ રહે.બુકિંગ બાદ ગેસ મળવામાં 2 થી 8 દિવસ સુધી રાહ જોવી પડી રહી છે. ત્યારે રેસ્ટોરન્ટ ઈન્ડસ્ટ્રીઝથી જોડાયેલા લોકોનું કહેવું છે કે, કોમર્શિયલ ગેસની અછતના કારણે કેટલાક લોકો ઘરેલૂ સિલિન્ડરોનો ઉપયોગ કરી શકે છે. જોકે, ડીલર તેને ગેરકાયદે ગણાવે છે. આ વચ્ચે સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે, કોમર્શિયલ LPG સિલિન્ડરની સપ્લાય પર કોઈ રોક નથી. ગેસની અછતની સાથે ભાવમાં પણ મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે.

19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરમાં અંદાજે રૂ.115 અને ઘરેલું સિલિન્ડરમાં રૂ.60નો વધારો થયો છે.

# અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાનના મિસાઈલ હુમલાઓએ વધારેલી વૈશ્વિક ચિંતા

## પરમાણુ શસ્ત્રોનો વ્યાપક ઉપયોગ થાય તો ઓસ્ટ્રેલિયા અને ન્યુ ઝીલેન્ડ બચી શકે, જો કે તેમણે પણ અનેક પડકારોનો સામનો કરવો પડશે



**મ**ધ્ય પૂર્વમાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવથી વ્યાપક વૈશ્વિક સંઘર્ષની ભય સર્જાયો છે. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે પરમાણુ શસ્ત્ર ધરાવતા રાષ્ટ્રો વચ્ચે તણાવ વધતા તેના વિનાશકારી પરિણામો આવી શકે. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાનને સંડોવતા તાજેતરના મિસાઈલ હુમલાએ વૈશ્વિક ચિંતા વધારી છે. એક નવા વૈજ્ઞાનિક અભ્યાસમાં પરમાણુ શસ્ત્રોનો વ્યાપક ઉપયોગ થાય તો માનવીય અસ્તિત્વ વિશે ચિંતાજનક સવાલો ઉપસ્થિત કરાયા છે. નિષ્ણાંતોના મતે પરમાણુ યુદ્ધથી અબજો લોકોના મોત થઈ શકે અને તેના વિનાશમાંથી વિશ્વના માત્ર બે જ દેશો, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ બચી શકે. જો કે તેમણે પણ અનેક પડકારોનો સામનો કરવો પડશે.

**પ્રારંભિક સ્ફોટમાં જ કરોડો લોકોના મોત થઈ શકે: બચી ગયેલા દેશો અને લોકોએ પણ ગંભીર પરિણામો સામે ઝઝૂમવું પડશે, કૃષિ અશક્ય બનતા ખોરાકની તંગી સર્જાશે**

અગ્રણીઓએ કરેલા અવલોકન અનુસાર મોટા પાયે પરમાણુ યુદ્ધથી વિશ્વભરમાં લગભગ પાંચ અબજ જેટલા લોકોના મોત થઈ શકે. પરમાણુ શસ્ત્રોમાંથી થતા સ્ફોટથી લગભગ ૧૦ કરોડ ડીગ્રી સેલ્સિયસના તાપમાન સુધી પહોંચતા અગનગોળા સર્જાઈ શકે. વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે શહેરો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નાશ સાથે વાતાવરણમાં પ્રવેશતા વિશાળ પ્રમાણમાં ધૂમાડા અને રાખથી પરમાણુ શિયાળો સર્જાઈ શકે, જેનાથી સમગ્ર પૃથ્વી વર્ષોના અંધકાર અને અભૂતપૂર્વ નીચા વૈશ્વિક તાપમાનમાં ગરકાવ થઈ જશે.

સંશોધકોએ જણાવ્યું છે કે પરમાણુ યુદ્ધના પરિણામમાંથી માત્ર બે દેશો, ઓસ્ટ્રેલિયા અને ન્યુ ઝીલેન્ડ સરખામણીએ બહેતર રીતે બચી શકે. તેમની ભૌગોલિક અલગતા અને કૃષિ બચાવી શકવાની ક્ષમતાને કારણે તેઓ પરમાણુ શિયાળાની સૌથી ખરાબ અસરોથી બચી શકે. જો કે આ દેશોએ પણ રેડિયેશન જોખમો, ઓઝોન સ્તરમાં નુકસાન અને ગંભીર ખોરાક તંગી સહિતના તીવ્ર પડકારોનો સામનો કરવો પડશે, જેના કારણે બચી ગયેલા લોકોએ સંભવિતપણે ભૂગર્ભમાં વાસ કરવો પડી શકે અને મૂળભૂત સ્રોતો માટે દરરોજ સંઘર્ષ કરવો પડી શકે.

**ન્યુકલીઅર વોર એ સીનેરિયો**ની લેખિકા અને આર્મેગેડોન સંશોધક એની જેકબસને આવા વિનાશના સંભવિત પરિણામ સમજવા માટે સંરક્ષણ નિષ્ણાંતોનો અભિપ્રાય લીધો અને અનેક વૈજ્ઞાનિક અભ્યાસોનું વિશ્લેષણ કર્યું. પોતાના પોડકાસ્ટમાં તેણે સ્પષ્ટતા કરી કે પ્રારંભિક સ્ફોટોમાં કરોડો લોકોના મોત થશે. ઉપરાંત સીધા પ્રભાવમાંથી મુક્ત રહેલા વિસ્તારોમાં પણ પર્યાવરણના નાશ અને લાંબા ગાળાના હવામાન વિક્ષેપ સહિતના ગંભીર પરિણામ જોવા મળી શકે. જેકબસને નોંધ કરી કે લાંબો સમય ચાલનાર અંધકાર અને તીવ્ર ઠંડા હવામાનને કારણે વિશ્વના અનેક વિસ્તારોમાં કૃષિ વ્યવસાય પડી ભાંગશે.અમેરિકામાં આઈઓવા અને યુક્રેન સહિત પાક ઉત્પાદન માટે પ્રસિદ્ધ વિસ્તારો વર્ષો સુધી બરફથી આચ્છાદિત રહેતા કૃષિ અશક્ય બનશે. પ્રારંભમાં સ્ફોટથી લગભગ ત્રણ અબજ લોકો બચી જવા છતાં તેમના જીવન ખોરાકની તંગી, સામાજિક પતન અને વ્યાપક વિસ્થાપનથી પ્રભાવિત થશે.

# ભારત પાસે ૭૪ દિવસ ચાલે એટલો ખનિજ તેલ અને પેટ્રોલિયમ પેદાશોનો અનામત જથ્થો



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

ભારત પાસે હાલમાં 74 દિવસ સુધી ચાલે એટલા ખનિજતેલ અને પેટ્રોલિયમ પેદાશોના સંગ્રહ કરવાની ક્ષમતા ઉપલબ્ધ છે, જે જિયો-પોલિટિકલ ટેન્શન જેવી પરિસ્થિતિમાં પુરવઠામાં અવરોધ ઉભો થાય તો તેનો પહોંચી વળવામાં મદદરૂપ બની શકે છે. આ માહિતી સોમવારે સંસદમાં આપવામાં આવી હતી.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી સુરેશ ગોપીએ રાજયસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા સ્થાપિત વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ (SPR) સુવિધાઓની કુલ ક્ષમતા 53.30 લાખ મેટ્રિક ટન (MMT) જેટલી છે, જે જિયો-પોલિટિકલ જેવી ટેન્શનની પરિસ્થિતિમાં ટૂંકા ગાળાના પુરવઠાની અછત સામે બફર તરીકે કામ કરી શકે છે. આ જથ્થો આશરે 9.5 દિવસની ખનિજતેલની જરૂરિયાત પૂરી પાડી શકે છે. તે ઉપરાંત, દેશમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પાસે ખનિજતેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનો માટે 64.5 દિવસનો સંગ્રહ ઉપલબ્ધ છે. આ રીતે દેશ પાસે કુલ મળીને 74 દિવસની સંગ્રહ ક્ષમતા છે. પેટ્રોલિયમ જથ્થાની

## વિકટ પરિસ્થિતિમાં પુરવઠો જાળવવા સરકારની સંપૂર્ણ તૈયારી; કાચા માલનો પુરવઠો પૂરતો રહેશેઃ સરકારે હાઈવેનું નિર્માણ કરી રહેલા કોન્ટ્રાક્ટરોને ખાતરી આપી

ક્ષમતા વધારવા માટે સરકારે જુલાઈ 2021માં બે નવી સુવિધાઓ ઉભી કરવાની મંજૂરી આપી હતી. આ સુવિધાઓ ચંદીખોલ (4 MMT) અને પડુર (2.5 MMT) ખાતે જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડ પર ઉભી કરવામાં આવશે. આ વિસ્તરણથી તેલનો જથ્થો આયાતના લગભગ 12 દિવસ જેટલો વધશે.

સરકારે જિયો-પોલિટિકલ અનિશ્ચિતતાઓ દરમિયાન ઊર્જા પુરવઠો અવિરત રહે તે માટે અનેક પગલાં પણ લીધા છે. તેમાં ખનિજતેલની આયાત સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવવું, જોખમી અને ટેન્શન વાળા વિસ્તારોને ટાળીને સપ્લાય માર્ગો પસંદ કરવા અને આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે સહકાર વધારવો જેવા વિવિધ પગલા સામેલ છે.

અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે પેદા થયેલી લોજિસ્ટિક્સ અડચણો છતાં, સરકારે હાઈવે નિર્માણ કંપનીઓને ખાતરી આપી છે કે બિટ્યુમેન (ડામર), સિમેન્ટ અને ડીઝલ જેવા મુખ્ય કાચા માલનો પુરવઠો પૂરતો રહેશે. એક અહેવાલમાં જણાવાયું છે કે, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના અધિકારીઓએ 'નેશનલ હાઈવે બિલ્ડર્સ ફેડરેશન'ના સભ્યો સાથે મુલાકાત કરી હતી. કોન્ટ્રાક્ટરોએ ટ્રકોની અવરજવર અને જહાજોમાંથી માલ ઉતારવામાં થઈ રહેલા વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પરિણામે, ઘણી બાંધકામ કંપનીઓએ સત્તાધારીઓનો સંપર્ક કર્યો છે. તેમની દલીલ છે કે આ વિક્ષેપો પ્રોજેક્ટના સમયમર્યાદા અને ખર્ચમાં વધારો કરી શકે છે.

# યુદ્ધના કારણે વિશ્વભરમાં હાહાકાર: ૯ દેશોમાં પેટ્રોલ-ગેસ સંકટ અને મોંઘવારીનો ડર




## ક્રૂડ તેલની કિંમતોમાં ૨૫ ટકા સુધીનો વધારો: પાકિસ્તાન, ફ્રાન્સ, અમેરિકા, જર્મની, પોલેન્ડ, વિયેતનામ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયામાં ઈંધણની ભારે કટોકટી સર્જાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૦**

અમેરિકા-ઈઝરાયલ ઈરાન સાથે છેલ્લા ૧૧ દિવસથી યુદ્ધ કરી રહ્યા છે, તો ઈરાને વિશ્વભર માટે સૌથી મહત્વનો જળમાર્ગ હોર્મુઝ બંધ કરવાના કારણે અનેક તેલ ટેક્રો સહિતનો સામાન અટકી પડ્યો છે, યુદ્ધના કારણે સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયા સહિતના દેશોએ પણ આયાત પર કામ મુકી દીધો છે, જેના કારણે અનેક દેશોમાં ફ્યૂલ સંકટને લઈ હાહાકાર મચી ગયો છે. મધ્ય-પૂર્વમાં ભયાનક યુદ્ધ ચાલી રહ્યું હોવાના કારણે ભારતસહિત વિશ્વના અનેક દેશો ફ્યૂલ સંકટનો સામનો કરી રહ્યા છે. પાકિસ્તાન, ફ્રાન્સ, અમેરિકા, જર્મની, પોલેન્ડ, વિયેતનામ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયામાં ઈંધણની ભારે કટોકટી સર્જાઈ છે. મધ્ય-પૂર્વમાં દિવસે ને દિવસે ઘર્ષણ વધવાના કારણે ઊર્જા સપ્લાયની આયાત-નિકાસ કરવામાં ભારે અડચણો ઉભી થઈ રહીછે.

ઈરાને પોતાના સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો રસ્તો બંધ કરી દીધો હોવાથી ક્રૂડ તેલની કિંમતો ૨૫ ટકા સુધી વધી ગઈ છે. યુદ્ધના કારણે અનેક દેશો સમક્ષ એવું સંકટ ઉભું થયું છે કે, ક્યાં પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી છે, તો ક્યાંક હોટલ-રેસ્ટોરન્ટો બંધ કરવાનો આદેશ અપાયો છે. એટલું જ નહીં દૈનિક અપાતા પેટ્રોલમાં પણ કાપ મુકવામાં આવ્યો છે. ગભરાટ તેમજ પુરવઠાની અનિશ્ચિતતાના કારણે નાગરિકો ટેન્શનમાં મુકાઈ ગયા છે અને પેટ્રોલ પુરાવા માટે પેટ્રોલ પર લાઈન લગાવી દીધી છે, તો અનેક દેશોની સરકારોએ પણ ચિંતત થઈને વિવિધ રસ્તાઓ અપનાવવાના શરૂ કરી દીધા છે.

**પાકિસ્તાનઃ** આર્થિક સંકટ અને ભારે મોંઘવારીનો સામનો કરી રહેલા પાકિસ્તાન ફરી મોટી આફતનો સામનો કરી રહ્યું છે. પાકિસ્તાનમાં હાલ મોંઘવારીમાં અદમ્ય વધારો થયો છે. યુદ્ધ પહેલા ત્યાં પેટ્રોલની કિંમત ૨૬૬ રૂપિયાની આસપાસ હતી, ત્યારે હવે યુદ્ધ બાદ કિંમતોમાં ૫૫ રૂપિયાનો વધારો થયો છે. એટલે કે હાલ ત્યાં પેટ્રોલની કિંમત ૩૨૧ રૂપિયા પર પહોંચી ગઈ છે. પાકિસ્તાન સરકારે સંકટને ટાળવા માટે ઈંધણ બચાવવા માટે શાળાઓમાં બે અઠવાડિયાની રજા જાહેર કરવામાં આવી છે અને ઉચ્ચ શિક્ષણને ઓનલાઈન મોડ પર ખસેડવામાં આવ્યું છે. આ ઉપરાંત સરકારી કચેરીઓમાં ૫૦% સ્ટાફને ઘરેથી કામ કરવાની સૂચના આપવામાં આવી છે અને ઓફિસો અઠવાડિયામાં માત્ર ૪ દિવસ ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

**બાંગ્લાદેશઃ** ઈંધણના ભાવમાં વધારાની વાતો સામે આવ્યા બાદ ઈંધણ બંધ થવાની આશંકાના કારણે બાંગ્લાદેશના લોકો ગભરાઈ ગયા છે. અહીં લોકોએ જરૂરીયાત કરતા વધુ પેટ્રોલની સંગ્રહખોરી શરૂ કરી દીધી છે, જેના કારણે દેશમાં પેટ્રોલની ભારે અછત સર્જાઈ છે. સરકારે સાવધાનીના ભાગરૂપે બાઈકચાલકોને દિવસમાં માત્ર બે લીટર પેટ્રોલ અને કારચાલકને દૈનિક ૧૦ લીટર પેટ્રોલ આપવાનો આદેશ આપ્યો છે. અહીં પેટ્રોલ પંપો પર રસીદ પણ ચેક કરવામાં આવી રહી છે અને પેટ્રોલનો સંગ્રહ અટકાવવા માટે કડક નિયમો લાગુ કરી દીધા છે.

**શ્રીલંકાઃ** દેશમાં ઈંધણની કિંમતોમાં ૮ ટકાનો વધારો થયો હોવાની વિગતો સામે આવી છે. શ્રીલંકન સરકાર પાસે એપ્રિલ સુધીનો સ્ટોક હોવાનું આશ્વસન આપ્યું છે. દેશમાં ચિંતા છે કે, ઈંધણના ભાવ વધરાવના કારણે માલ-સામાનના પરિવહનનો ખર્ચ વધશે, જેના કારણે મોંઘવારી આસમાને પહોંચી જશે. અહીં પણ લોકોએ ગભરાટમાં પેટ્રોલનો સંગ્રહ શરૂ કરી દીધો છે, જેના કારણે શ્રીલંકાની સરકારી તેલ કંપની સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશન (CPC)એ ખાતરી આપી છે કે, સરકાર પાસે એપ્રિલ સુધીનો સ્ટોક છે.

**જર્મની:** ક્રૂડ ઓઈલના ભાવ વધવાની અસર જર્મની સુધી પણ પહોંચી છે. દેશમાં ક્રૂડ ઓઈલ અને ઈંધણની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. ચાન્સેલર ફ્રેડરિક મેર્જ વધતી કિંમતો મામલે બેઠકો અને સમીક્ષા કરી રહ્યા છે.

**ફ્રાન્સઃ** યુદ્ધ બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં ધરખમ વધારો થતા અને ત્યારબાદ અનેક અફવાઓ સામે આવ્યા બાદ ફ્રાન્સના પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી છે. એકતરફ દેશના લોકોએ ચિંતામાં આવીને પેટ્રોલનો સંગ્રહ શરૂ કરી દીધો છે, તો બીજીતરફ તેઓને મોંઘવારી વધાવનો પણ ડર સતાવી રહ્યા છે.

**પોલેન્ડઃ** ફ્રાન્સ જેવી સ્થિતિ પોલેન્ડમાં પણ સર્જાઈ છે. અહીંના પેટ્રોલ પંપો પર પણ લાંબી કતારો થઈ છે.

**વિયેતનામઃ** યુદ્ધની ગંભીર અસરોમાં વિયેતનામનું પણ નામ સામેલ છે. દેશમાં પુરવઠાને લઈ સરકારે ચિંતા વ્યક્ત કરી છે અને લોકોને ઈંધણની બચત કરવાની અપીલ કરી છે. સરકારે લોકોને વધુમાં વધુ બાયોફ્યૂઅલ, જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની વિનંતી કરવામાં આવી છે.

**ઈન્ડોનેશિયાઃ** ક્રૂડ ઓઈલની કિંમતોમાં વધારાના કારણે ઈન્ડોનેશિયા સરકાર પણ પડકારોનો સામનો કરી રહી છે. સરકાર મ્૫૦ બાયોડીઝલ યોજના ફરી લાગુ કરવાની વિચારણા કરી રહી છે. સરકારનું માનવું છે કે, મ્૫૦ ના ઉપયોગથી ૫૦% ડીઝલની આયાત ઓછી કરવી પડશે, જેનાથી અબજો ડોલરની બચત થશે. B૫૦ એ પરંપરાગત ડીઝલ અને બાયોડીઝલનું એક મિશ્રણ છે. જેમાં આંકડો '૫૦' મિશ્રણની ટકાવારી દર્શાવે છે. ઈન્ડોનેશિયા વિશ્વનો સૌથી મોટો પામ ઓઈલ ઉત્પાદક દેશ છે. તેથી તે પોતાના દેશમાં ઉગતા પામ ઓઈલનો ઉપયોગ ઈંધણ તરીકે કરીને તેલની આયાત ઘટાડવા માંગે છે.

**અમેરિકાઃ** યુદ્ધની સીધી અસર અમેરિકાના સ્થાનિક બજાર પર પણ જોવા મળી રહી છે, જ્યાં ગેસ પંપો પર ઈંધણની કિંમતોમાં પ્રતિ ગેલન ૧૧ સેન્ટ સુધીનો નોંધપાત્ર વધારો થયો છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે વૈશ્વિક પુરવઠા સાંકળ ખોરવાઈ જવાની આશંકાએ અમેરિકન વહીવટીતંત્ર અને જનતામાં ચિંતા જગાવી છે. ખાસ કરીને હોર્મુઝની સામુદ્રધુની જેવા મહત્વના દરિયાઈ માર્ગો પર જો લાંબા સમય સુધી અવરોધ રહેશે, તો આગામી દિવસોમાં આયાત ખર્ચ વધવાની અને ઊર્જા સંકટ વધુ ઘેરું બનવાની શક્યતા છે, જેની સીધી અસર અમેરિકાના પરિવહન ક્ષેત્ર અને સામાન્ય ગ્રાહકોના ખિસ્સા પર પડી રહી છે.

મધ્ય-પૂર્વમાં યુદ્ધથી અનેક દેશો મોટા સંકટમાં મુકાઈ ગયા છે. વિશ્વમાં આયાત-નિકાસ થતા લગભગ ૩૧ ટકા ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચુરલ ગેસ (LNG) હોર્મુઝ જળમાર્ગમાંથી જ પસાર થાય છે. જોકે યુદ્ધના કારણે આ જળમાર્ગ બંધ થઈ જતા વૈશ્વિક ઊર્જા વેપાર સંપૂર્ણ અટકી પડ્યો છે. નિષ્ણાંતોનું માનવું છે કે, જો યુદ્ધ લાંબુ ચાલશે તો ક્રૂડ ઓઈલની કિંમતો પ્રતિ બેરલ ૧૨૦થી ૧૫૦ ડૉલર પર પહોંચી શકે છે. સંકટ એવું ઉભું થયું છે કે, દુનિયાભરના શેર માર્કેટ ક્રેડ થયા છે અને કિંમતો સતત વધી રહી છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### ૧૨ ટીમો ટીર૦ વિશ્વકપ ૨૦૨૮ માટે ક્વોલિફાઈ

## ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની યજમાનીમાં રમાશે આગામી ટીર૦ વિશ્વકપ ૨૦૨૮

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦:** T20 વિશ્વકપ ૨૦૨૬નું સમાપન થઈ ગયું છે. આશરે એક મહિના સુધી દરરોજ મેચ રમાઈ ત્યારે દુનિયાનો ટીર૦ ચેમ્પિયન મળ્યો છે. સૂર્યકુમાર યાદવની આગેવાનીમાં શાનદાર પ્રદર્શન કરતા ટીમ ઈન્ડિયાએ ટ્રોફી જીતી ઈતિહાસ રચી દીધો છે. આ વચ્ચે હવે તમે તે પણ જાણી લો કે આગામી ટીર૦ વિશ્વકપ ક્યારે રમાશે અને ક્યાં રમાશે. તેમાં કેટલી ટીમો ભાગ લેશે અને અત્યાર સુધી કેટલી ટીમોએ ક્વોલિફાઈ કરી લીધું છે.




આઈસીસી તરફથી ટીર૦ વિશ્વકપનું આયોજન દર બે વર્ષે થાય છે. તમને યાદ હશે કે વર્ષ ૨૦૨૪મા પણ ટીર૦ વિશ્વકપ રમાયો હતો, ત્યારબાદ આ વર્ષે તેનું આયોજન થયું. ભારત અને શ્રીલંકામાં રમાયેલા ૨૦૨૬ ટીર૦ વિશ્વકપમાં અનેક રોમાંચક મેચ જોવા મળી હતી. હવે ૨૦૨૮મા ફરી ટીર૦ વિશ્વકપ રમાશે. આ ટૂર્નામેન્ટની યજમાની ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ કરશે.

ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં રમાનાર ટીર૦ વિશ્વકપ ૨૦૨૮નું આયોજન ઓક્ટોબર-નવેમ્બરમાં થવાની સંભાવના છે. હજુ આઈસીસીએ તેના કાર્યક્રમની જાહેરાત કરી નથી. પરંતુ સંભાવના છે કે ટૂર્નામેન્ટનું આયોજન ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૮મા કરવામાં આવી શકે છે. ૨૦૨૮ ટીર૦ વિશ્વકપમાં કુલ ૨૦ ટીમો મેદાનમાં ઉતરશે.

તમને જણાવી દઈએ કે કઈ-કઈ ટીમે આગામી વિશ્વકપમાં પોતાની જગ્યા બનાવી લીધી છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ યજમાન છે, તેથી તેની જગ્યા પાક્કી છે. આ વર્ષે ઓસ્ટ્રેલિયાની ટીમ પ્રથમ રાઉન્ડમાં બહાર થઈ ગઈ હતી તો ન્યૂઝીલેન્ડે ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ વર્ષે એટલે કે ૨૦૨૬મા જે આઠ ટીમોએ સુપર-૮મા સ્થાન મેળવ્યું, તેણે પણ આગામી ટીર૦ વિશ્વકપ માટે ક્વોલિફાઈ કરી લીધું છે. તેમાં ભારત, ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ, શ્રીલંકા અને ઝિમ્બાબ્વેનું નામ સામેલ છે. રેક્રિંગના આધાર પર અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને આયર્લેન્ડની ટીમો પણ આગામી વર્ષે વિશ્વકપમાં રમતી જોવા મળશે. હવે જે આઠ ટીમ બાકી છે તે રિઝનલ ક્વોલિફાયર દ્વારા પ્રવેશ મેળવશે.

## સ્મૃતિ મંદાના પહેલી ભારતીય ક્રિકેટર જેની પોતાની બાર્બી ડોલ બની

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૦:** સ્મૃતિ મંદાનાને વધુ એક સન્માન મળ્યું છે, તે દેશની પહેલી એવી મહિલા ક્રિકેટર બની છે, જેની પોતાની બાર્બી ડોલ બની છે, તેને આ સ્પોર્ટ્સ વીમેન કેટેગરીની બાર્બીનું સન્માન મળવાની ઘટનાએ ઈતિહાસ સર્જ્યો છે.







સ્મૃતિએ આ વાત બાબતે પોતાની ખુશી વ્યક્ત કરતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ લખી હતી. તેણે લખ્યું, ‘‘હું હજી પણ આ ક્ષણને પચાવી રહી છુંપ મારી સફરથી પ્રેરિત એક અનોખી બાર્બી ડોલને જોવી એ એવી વાત છે જેની મેં બાળપણમાં ક્યારેય કલ્પના પણ નહોતી કરી. ક્રિકેટે મને ઘણું બધું આપ્યું છે અને જો મારી કહાની એક પણ છોકરીને એ માનવામાં મદદ કરે કે મેદાન પર તેનું પણ સ્થાન છે, તો તે મારા માટે બધું જ છે. વિશ્વભરની પોતાના ક્ષેત્રોમાં અવરોધો તોડી રહી છે એવી અદ્ભુત મહિલાઓ સાથે બાર્બીની ‘ડ્રીમ ટીમ’નો ભાગ બનવું મારા માટે ગૌરવની વાત છે. જ્યારે છોકરીઓને શક્યતા દેખાય છે, તો તેઓ વધુ મોટાં સપનાં જુએ છે.’’ આ પહેલી વાર નથી જ્યારે બાર્બીએ વિશ્વ સ્તરે ભારતીય પ્રતિનિધિત્વને ઉજાગર કર્યું હોય. બે વર્ષ પહેલાં અનિતા ડોંગરે અને મેટેલે મળીને દિવાળીથી નિમિત્તે બાર્બી રજૂ કરી હતી, જેમાં બાર્બીને પરંપરાગત રાજસ્થાની પોશાક પહેરાવવામાં આવ્યો હતો. ડાર્ક બ્લુ રંગની સ્લીવલેસ કોટી અને ‘‘મૂનલાઈટ બ્લૂમ’’ લેહેંગા, જેમાં નાની નાની ફૂલોની ડિઝાઈન હતી, આ ડિઝાઈન ડોંગરેની વિશિષ્ટ શૈલીને ખરી રીતે પ્રતિબિંબિત કરતી હતી. આ ડિઝાઈનમાં પિચ્છવાઈ ચિત્ર કલાના તત્વો પણ સામેલ હતાં, જે પરંપરાગત ભારતીય કલા છે અને તેના સુક્ષ્મ ફૂલોના મોટીફ માટે જાણીતી છે.સૌથી પહેલી ભારતીય બાર્બી ડોલ દીપિકા મૂત્યાલાથી પ્રેરિત હતી, જે લાઈવ ટીન્ટેડ કંપનીનાં સ્થાપક અને સીઈઓ છે – આ કંપનીએ બ્રાઉન સ્કિન મેકઅપને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવી છે. તે ઉપરાંત કેટરિના કૈફ સહીત કેટલીક બોલિવૂડ એક્ટ્રેસની બાર્બી ડોલ પણ બની છે. ભારતમાં મહિલા ક્રિકેટની લોકપ્રિયતામાં સ્મૃતિ મંધાના સહિતની ખેલાડીઓનો પણ મહત્વનો ફાળો છે, સ્મૃતિ ક્રિકેટના દરેક ઈન્ટરનેશનલ ફોર્મેટમાં સદીઓ ફટકારનારી પહેલી ભારતીય મહિલા ક્રિકેટર છે, જે ક્રિકેટની દુનિયામાં પણ મહત્વની સિદ્ધિ છે.

## દેશમાં ગેસની અછત મુદ્દે વડાપ્રધાન મોદીની ઉચ્ચ સ્તરીય બેઠક, જયશંકર અને હરદીપ પુરી રહ્યા હાજર

### હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી નાકાબંધીને કારણે ભારતની ગેસ આયાતમાં 30%નો ઘટાડો નોંધાયો છે







(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૦**

ઈરાન ઈઝરાયલ યુએસ વચ્ચે યુદ્ધનો આજે ૧૧મો દિવસ છે. ત્યારે ભારત સહિત અનેક દેશોમાં ઓઈલ અને ગેસનું સંકટ તોળાઈ રહ્યુ છે. તે વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંસદમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરી મળવા પહોંચ્યા હતા. પીએમ મોદી સાથે વિદેશમંત્રી એસ જયશંકર, પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરીએ ચર્ચા કરી.

પશ્ચિમ એશિયામાં ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના ૧૧મા દિવસે વૈશ્વિક સ્તરે ઉર્જા સંકટ વધુ ઘેરું બન્યું છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી નાકાબંધીને કારણે ભારતની ગેસ આયાતમાં 30%નો ઘટાડો નોંધાયો છે, જેનાથી દેશમાં ઓઈલ અને ગેસના પુરવઠા પર જોખમ તોળાઈ રહ્યું છે. આ કટોકટી વચ્ચે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સંસદ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ મુલાકાતમાં દેશની ઉર્જા સુરક્ષા જાળવવા, ઈંધણના ભાવ પર અંકુશ રાખવા અને વૈકલ્પિક આયાત માર્ગો શોધવા અંગે મહત્વની ચર્ચા કરવામાં આવી હતી. સરકાર અત્યારે કોઈપણ આર્થિક આંચકાને પહોંચી વળવા માટે સતર્ક છે.

બેઠક દરમિયાન ભારતમાં વધી રહેલી LPGની અછત પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સરકાર અત્યારે ESMA (એસેન્શિયલ સર્વિસીસ મેન્ટેનન્સ એક્ટ) હેઠળ ઘરેલુ ગ્રાહકોને ૧૦૦% પુરવઠો આપવા માટે કટિબદ્ધ છે, પરંતુ જો યુદ્ધ લાંબુ ખેંચાય તો ઉદ્યોગો અને ખાતર પ્લાન્ટ્સ પર તેની વધુ માઠી અસર પડી શકે છે. પીએમ મોદીએ મંત્રીઓને આદેશ આપ્યો છે કે તેલ અને ગેસના નવા આંતરરાષ્ટ્રીય ભાગીદારો શોધવામાં આવે જેથી આરબ દેશો પરની નિર્ભરતા ઘટાડી શકાય.

વડાપ્રધાને સ્પષ્ટ કર્યું છે કે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વધવા છતાં ભારતના મધ્યમ વર્ગ અને ગૃહિણીઓના રસોડાના બજેટ પર તેની ન્યૂનતમ અસર થાય તેવા પ્રયાસો કરવામાં આવે. આ બેઠક બાદ ટૂંક સમયમાં ગેસ વિતરણ અંગે નવી ગાઈડલાઈન્સ જાહેર થવાની શક્યતા છે.

## LPG સિલિન્ડરની જમાખોરી રોકવા કેન્દ્ર સરકારે દેશમાં ESMA લાગુ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૦**

ઈરાન-ઇઝરાયેલ યુદ્ધના કારણે મિડલ ઈસ્ટમાં ઉભી થયેલી પરિસ્થિતિઓની અસર ભારતમાં તેલ-ગેસની સપ્લાય પર પડી રહી છે. દેશમાં ગેસની ભારે અછત સર્જાઈ હોવાનું મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે, જેના કારણે સરકારે કડક નિયમો લાગુ કરી દીધા છે. ઘરગથ્થુ વપરાશના ગેસ સિલિન્ડર તો હજુ મળી રહ્યા છે, પરંતુ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત છે. લોકો ગેસ સિલિન્ડરની જમાખોરી ન કરે અને LPGની સપ્લાયમાં અવરોધ ન આવે તે માટે કેન્દ્ર સરકારે આખા દેશમાં ESMA કાયદો લાગુ કર્યો છે.

સરકારે ઘરેલુ રાંધણ ગેસની કોઈ અવરોધ વગર સપ્લાય સુનિશ્ચિત કરવા માટે ESMA કાયદો લાગુ કર્યો છે. ઘરેલુ ગેસ, પેટ્રોલ અને ડીઝલની પુરવઠો લોકોને મળી રહે તે માટે સરકારે સમગ્ર દેશમાં પેટ્રોલિયમ, પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ તથા નેચરલ ગેસ માટે Essential Commodities Act લાગુ કર્યો છે. સરકારે રિફાઈનરીઓ અને પેટ્રોકેમિકલ યુનિટ્સને LPGનું ઉત્પાદન વધારવાનો પણ આદેશ આપ્યો છે.

આવશ્યક સેવા જાળવણી અધિનિયમ એક કાયદો છે, જે કેટલીક સેવાઓની ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. આ સેવાઓ લોકોના સામાન્ય જીવન સાથે જોડાયેલી હોય છે અને તેના પર અસર પડવાથી સામાન્ય જનતા પર સીધી અસર પડે છે. તેમાં જાહેર પરિવહન (બસ સેવાઓ), આરોગ્ય સેવાઓ (ડોક્ટર અને હોસ્પિટલ) જેવી સેવાઓનો સમાવેશ થાય છે.

પેટ્રોલ અને ગેસનો પુરવઠો કોઈ રોકી શકશે નહીં. સરકાર નક્કી કરશે કે ક્યાં અને કેટલો જથ્થો મોકલવો. દરેક વિસ્તાર અને નાગરિકને સમાન રીતે ઈંધણ મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે. જે વેપારીઓ કે એજન્સીઓ નફાખોરી કરવા માટે તેલ કે ગેસનો સ્ટોક કરશે, તેમની સામે ગુનો દાખલ થશે.

સરકારે તેલ રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવાનો આદેશ આપવા માટે ‘ESMA’ કાયદા હેઠળ ઈમરજન્સી શક્તિઓનો ઉપયોગ કર્યો છે. આનો હેતુ પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષના કારણે સંભવિત વિક્ષેપોનો સામનો કરવા માટે ઘરેલુ રસોઈ ગેસની ઉપલબ્ધતા વધારવાનો છે. ભારતમાં LPGની વપરાશ વર્ષ ૨૦૨૪-૨૫માં ૩.૧૩ કરોડ ટન હતી, જેમાંથી માત્ર ૧.૨૮ કરોડ ટનનું ઉત્પાદન દેશી સ્તરે થયું હતું, જ્યારે બાકીનું આયાત કરવામાં આવ્યું હતું.

## ઈરાન યુદ્ધના કારણે દેશમાં ગેસના સિલિન્ડરોના કાળાબજાર થવા લાગ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૦**

ઈરાન યુદ્ધના કારણે દેશમાં ગેસના સિલિન્ડરોના કાળાબજાર થવા લાગ્યા છે. રમઝાન ચાલુ છે ત્યારે કેટલાક સ્થળોએ જરૂરિયાતના કારણે રાંધણ ગેસના સિલિન્ડર રૂ. ૧,૫૦૦માં ખરીદવાની ફરજ પડી છે. સરકારે સિલિન્ડરોના કાળા બજાર ડામવા બૂકિંગના નિયમોમાં ફેરફાર કર્યો છે. એક સિલિન્ડરવાળા ૨૧ના બદલે ૨૫ અને બે સિલિન્ડરવાળા ૨૫ના બદલે ૩૦ દિવસે બૂકિંગ કરાવી શકશે.

દેશના કેટલાય શહેરોમાં રાંધણગેસના પુરવઠાને લઈને લોકોમાં ડર જોવા મળી રહ્યો છે. કેટલાય શહેરો અને કસબાઓમાં ગેસના બાટલા માટે લાંબીલાંબી લાઈન જોવા મળી રહી છે. લોકો ખાલી સિલિન્ડરો સાથે એજન્સીઓની બહાર ઊભેલા જોવા મળી રહ્યા છે. જો કે સરકાર અને ઉર્જા ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે કે દેશમાં ગેસના સિલિન્ડરોની કોઈ કટોકટી નથી. હાલમાં જોવા મળતી સ્થિતિનું મુખ્ય કારણ ગભરાટમાં કરવામાં આવતું બૂકિંગ અને સ્થાનિક સ્તરે પુરવઠા અંગેની સમસ્યા છે. સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં નોએડાના સેક્ટર-૨૨માં એક ગેસ એજન્સીની બહાર સવારથી જ લોકોની લાઈન લાગી ગઈ. આ જ રીતે ઉત્તરપ્રદેશના સીતાપુર જિલ્લાના બર્દપુર ગામનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો. આ વિડીયોમાં લોકો મોટાપાયા પર ગેસ એજન્સીની બહાર ખાલી સિલિન્ડર લઈને લાઇન લગાવીને બેઠા છે. જો કે વપરાશકારોનું કહેવું છે કે વાસ્તવમાં એલપીજીની કોઈ કમી નથી. કેટલાય લોકોએ જણાવ્યું હતું કે તેમને નિયમિત રીતે સિલિન્ડર મળી રહ્યા છે. છતાં પણ કેટલાક સ્થળોએ સ્થિતિ જુદી દેખાય છે.

## રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવા સરકારનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૦:** વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને ઈંધણ પુરવઠાની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને સરકારે LPG ગેસ અંગે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. સરકારે ઓઈલ રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવા અને ઘરેલુ સિલિન્ડરો માટે વધારાના ગેસને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપ્યો છે જેથી અછત ન થાય.

સરકારે ઘરેલુ LPG પુરવઠાને પ્રાથમિકતા આપી છે. સંગ્રહખોરી અને કાળાબજારને રોકવા માટે નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. હવે, સિલિન્ડર ખરીદ્યા પછી આગામી બુકિંગ ઓછામાં ઓછા ૨૫ દિવસ પછી જ કરી શકાય છે. આયાતી LPG હાલમાં હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવી આવશ્યક સંસ્થાઓને ફાળવવામાં આવી રહી છે. રેસ્ટોરન્ટ્સ, હોટલો અને અન્ય ઉદ્યોગો માટે LPG પુરવઠાના મુદ્દાઓની સમીક્ષા કરવા માટે તેલ કંપનીઓના ત્રણ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ (EDs) ની સમિતિની રચના કરવામાં આવી છે અને તે નક્કી કરશે કે તેમને કેટલો ગેસ પૂરો પાડી શકાય. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ માહિતી પોસ્ટ કરી હતી. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે, "હાલના ભૂ-રાજકીય વિક્ષેપો અને ઈંધણ પુરવઠાને અસર કરતી LPG ની અછતને ધ્યાનમાં રાખીને મંત્રાલયે તેલ રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવા અને વધારાના ઉત્પાદનને ઘરેલુ ઉપયોગ માટે વાળવા આદેશો જાહેર કર્યા છે." સરકારે સ્પષ્ટપણે કહ્યું છે કે રેસ્ટોરન્ટ ઉદ્યોગને કોમર્શિયલ LPG સિલિન્ડર સપ્લાય કરવા પર કોઈ પ્રતિબંધ નથી પરંતુ જમીન પર પરિસ્થિતિ અલગ દેખાય છે. ઘણા ગેસ સપ્લાયર્સ કોમર્શિયલ સિલિન્ડર સપ્લાય કરવામાં અસમર્થતા વ્યક્ત કરી રહ્યા છે, જેના કારણે રેસ્ટોરન્ટ અને હોટલ માટે મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. મંત્રાલયે ઘરોમાં LPG સપ્લાયને પ્રાથમિકતા આપી છે અને સંગ્રહખોરી અને કાળાબજારને રોકવા માટે ૨૫ દિવસનો ઈન્ટર-બુકિંગ સમયગાળો રજૂ કર્યો છે. હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવા આવશ્યક બિન-સ્થાનિક ક્ષેત્રો માટે આયાતી LPG ના બિન-સ્થાનિક પુરવઠાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અન્ય કોમર્શિયલ ક્ષેત્રોમાં LPG પુરવઠા માટે, રેસ્ટોરન્ટ્સ/હોટલ/અન્ય ઉદ્યોગોને LPG પુરવઠા માટે મળેલી રજૂઆતોની સમીક્ષા કરવા માટે OMCના ત્રણ એક્ઝિક્યુટિવ અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવી છે.

# હવે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાનો સમય આવી ગયો: સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૦**

આજે સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પર્સનલ લો હેઠળ મહિલાઓના અધિકારોના કથિત ઉલ્લંઘનને પડકારતી અરજી પર સુનાવણી કરતી વખતે દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની હિમાયત કરી હતી. કોર્ટે મોટી ટિપ્પણી કરતા કહ્યું કે, હવે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાનો સમય આવી ગયો છે. જસ્ટિસ જૉયમાલ્યા બાગચીએ કહ્યું કે, પર્સનલ લો ને અમાન્ય જાહેર કરીને શૂન્ય સ્થિતિ ઉત્પન્ન કરવાથી યોગ્ય એ જ રહેશે કે, તેને કાયદાકીય વિવેક પર છોડી દેવામાં આવે જેથી વિધાનસભા સમાન નાગરિક સંહિતા પર કાયદો બનાવી શકે.



ભારતનાચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જૉયમાલ્યા બાગચી અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે પર્સનલ લો ના કારણે ઉદ્ભવતી મુશ્કેલીઓમાંથી બચવા માટ વિધાનસભાને તેના પર કામ કરવાનું સૂચન આપ્યું છે.

મુસ્લિમ મહિલાઓ માટે સમાન ઉત્તરાધિકાર અધિકારોની માંગ કરતી જાહેર હિતની અરજીની સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, દેશની તમામ મહિલાઓ માટે સમાન અધિકારો સુનિશ્ચિત કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે દેશભરમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવે. કોર્ટે પહેલાથી જ યુનિફોર્મ સિવિલ કોડની ભલામણ કરી છે. જુઓ, એક મુસ્લિમ પુરુષ. તે કોઈપણ પ્રક્રિયાનું પાલન કરીને તેની પત્નીને એકપક્ષીય રીતે તલાક આપી શકે છે.

કોર્ટે આગળ કહ્યું કે, 'શું આપણે પર્સનલ લો પર આધારિત તમામ દ્વિપક્ષીય સંબંધોને અમાન્ય જાહેર કરી શકીએ છીએ કે નહીં. તેથી આપણે મૂળભૂત ફરજોને પ્રભાવી બનાવવા માટે કાયદાકીય શક્તિ પર આધાર રાખવો પડશે.' CJI સૂર્યકાંતે કહ્યું કે, જેમ સાચું જ કહેવામાં આવ્યું છે કે, તેનો જવાબ યુનિફોર્મ સિવિલ કોડ છે.

મુસ્લિમ મહિલાઓ માટે સમાન ઉત્તરાધિકાર અધિકારોની માગ કરતી જાહેર હિતની અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, દેશમાં તમામ મહિલાઓને સમાન અધિકારો સુનિશ્ચિત કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે સમગ્ર ભારતમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે મુસ્લિમ મહિલાઓને ઉત્તરાધિકારના અધિકારોથી વંચિત રાખવા અંગે મુસ્લિમ પર્સનલ લો (શરિયા) એપ્લિકેશન એક્ટ, ૧૯૩૭ને પડકારતી અરજીમાં સુધારો કરવા માટે પણ કહ્યું છે. ચીફ જસ્ટિસે અરજદારના વકીલ પ્રશાંત ભૂષણને કહ્યું કે, 'તમે અરજીમાં સુધારો કરીને વૈકલ્પિક જોગવાઈઓ પર વિચાર કેમ નથી કરતા? ભારતીય મહિલાઓના અધિકારોના એક મહત્ત્વપૂર્ણ ભાગને તેનાથી વંચિત કરવામાં આવી રહ્યો છે, આ સવાલ માત્ર ૧૯૩૭ના કાયદાનો નથી.'

આના પર વકીલ ભૂષણે કહ્યું કે, 'હું તે કરીશ, અને અમે અરજીમાં સુધારો પણ કરીશું.' આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ મામલાને મુલતવી રાખવામાં આવે, આ વચ્ચે અરજદારને સુધારેલી અરજી દાખલ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

### ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર બંગાળની મુલાકાતે પહોંચ્યા

# બંગાળ ચૂંટણીમાં કાયદો-વ્યવસ્થા ખોરવનારા સામે આકરા પગલાં ભરીશું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાત્તા,તા.૧૦**

બંગાળમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર બંગાળની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે અધિકારીઓ સાથે બેઠક કરી હતી અને તાકીદ કરી હતી કે બંગાળની ચૂંટણીમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જે કોઈ જોખમમાં મૂકશે તેની સામે કડક કાર્યવાહી કરાશે. રાજ્યના ચૂંટણી પંચના અધિકારીઓ સાથે બેઠક કરીને મુખ્ય ચૂંટણી કમિશ્નરે આવનારી ચૂંટણી અંગે જાણકારી મેળવી હતી.





મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે રાજ્યના ચૂંટણી પંચ સાથે, રાજ્યના અધિકારીઓ સાથે ચૂંટણીને લગતી સમીક્ષા બેઠક યોજી હતી.

જોકે, એમાં રાજ્યના નાર્કોટિક્સ એડવાઈઝરી સમિતિની ગેરહાજરી અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. રાજ્યના પોલીસ અધિકારીઓ અને વહીવટી અધિકારીઓ સાથે બેઠક યોજીને તેમણે કહ્યું હતું કે ચૂંટણી વખતે કાયદો-વ્યવસ્થાનું યોગ્ય પાલન થવું જરૂરી છે. કાયદો-વ્યવસ્થાનો ભંગ થશે તો આકરા પગલાં ભરાશે. અરાજકતા ન સર્જાય તે માટે તેમણે અધિકારીઓને તાકીદ કરી હતી. રાજ્યની તમામ એજન્સીઓને તેમણે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે ઝીરો ટોલરન્સની પૉલિસી અપનાવવાની ભલામણ કરી હતી.

મુખ્ય ચૂંટણી કમિશ્નરે સત્તાધારી પાર્ટી ટીએમસી, મુખ્ય વિપક્ષ ભાજપ ઉપરાંત કોંગ્રેસ અને ડાબેરી સહિતના પક્ષોના પ્રતિનિધિઓ સાથે પણ એસઆઈઆરના મુદ્દે બેઠક કરી હતી. ટીએમસીએ એસઆઈઆર મુદ્દે લોકોને પરેશાન કરાતા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. બીજી તરફ ભાજપે તેને સમયસરની અને જરૂરી કાર્યવાહી ગણીને સમર્થન આપ્યું હતું.

બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશ્નર પર આરોપ લગાવતા કહ્યું હતું કે બંગાળમાં આવીને દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજ્યના અધિકારીઓને ડરાવી-ધમકાવી રહ્યા છે. એસઆઈઆર મુદ્દે મમતા બેનર્જીએ ફરીથી કેન્દ્ર સરકાર અને ચૂંટણી કમિશન પર સવાલો ઉઠાવ્યા હતા. મમતા બેનર્જી એસઆઈઆર મુદ્દે આંદોલન કરી રહ્યાં છે. તેમણે ધરણાના સ્થળેથી જ ચૂંટણી કમિશ્નર સામે બંગાળના અધિકારીઓને ધમકાવ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કટાક્ષ કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશ્નર બહાદુરી બતાવી રહ્યા છે, એ સારી બાબત છે. પરંતુ ખોટી બહાદુરીનો કોઈ અર્થ નથી. મારો તો એક જ મુદ્દો છે કે મતદાન એ દરેક ભારતીય નાગરિકનો અધિકાર છે. હું એ અધિકાર અપાવવા માટે લડી રહી છું.

# યુદ્ધના કારણે વિશ્વના અનેક દેશોનું ટેન્શન વધ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૦**

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે વિશ્વના અનેક દેશોનું ટેન્શન વધ્યું છે. મિડલ ઈસ્ટના દેશોમાંથી ઓઈલ અને ગેસની સપ્લાય લગભગ ઠપ પડી ગઈ છે. જેના કારણે અનેક દેશોમાં હાલત ખરાબ છે. ત્યારે પડોશી દેશ પાકિસ્તાનમાં તો ઓઈલ-ગેસની એટલી અછત સર્જાઈ છે કે સરકારે કર્મચારીઓના પગારમાં કાપ મૂકવાની જાહેરાત કરી છે. શાળાઓ પર તાળાં લગાવી દેવામાં આવ્યા છે. ૧. પાકિસ્તાનમાં ભયાનક ઈંધણ સંકટ પેદા થયું છે. જે બાદ શાહબાઝ સરકારે રાતોરાત પેટ્રોલના ભાવમાં ૫૫ પાકિસ્તાની રૂપિયાનો વધારો કર્યો છે. ૨. ૩૧ માર્ચ સુધી તમામ શાળાઓમાં રજા જાહેર

૩. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ક્લાસ ઓનલાઈન લેવામાં આવશે

૪. સરકારી વિભાગોના ૫૦% કર્મચારીઓ ઘરેથી કામ કરશે ( વર્ક ફ્રોમ હોમ )

૫. બેંક સિવાયની તમામ સરકારી કચેરીઓ અઠવાડિયામાં માત્ર ૪ દિવસ જ કાર્યરત રહેશે

૬. પાકિસ્તાનના તમામ મંત્રીઓને બે મહિના સુધી પગાર અને ભથ્થાં નહીં મળે

૭. પાકિસ્તાનના તમામ ધારાસભ્યોના પગારમાં ૨૫ ટકાનો કાપ

૮. ઍમ્બ્યુલન્સ અને સરકારી બસો સિવાયની તમામ સરકારી ગાડીઓના પેટ્રોલ-ડીઝલ ભથ્થાંમાં ૫૦ ટકાનો કાપ

૯. સરકારી જગ્યાઓ પર ૬૦ ટકા વાહનો ઠપ

૧૦. ૩ લાખથી વધુ વેતન ધરાવતા અધિકારીઓનો બે દિવસનો પગાર કપાશે

૧૧. તમામ સરકારી જગ્યાઓ પર જૂન મહિના સુધી નવી ગાડી, ફર્નિચર, એસી ખરીદવા પર રોક

૧૨. મંત્રીઓ અને અધિકારીઓના વિદેશ પ્રવાસ પર રોક

૧૩. ઈફતાર પાર્ટી, ઓફિશિયલ ડિનર, સેમિનાર પર રોક

# તેલ સંકટ વચ્ચે ભારતે બાંગ્લાદેશને ૫ હજાર ટન ડીઝલનો પુરવઠો મોકલ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૦:** અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે ૧૧મો દિવસ છે. આ યુદ્ધના કારણે વિશ્વના ઘણા દેશો પર ઈંધણની આફત આવી પડી છે. આ દરમિયાન ભારતે બાંગ્લાદેશને ૫૦૦૦ ટન ડીઝલ સપ્લાય કરવાનો નિર્ણય લીધો છે. મહત્વનું છે કે બાંગ્લાદેશ પાસે માત્ર હવે બે સપ્તાહ ચાલી શકે તેટલો જ ઈંધણનો જથ્થો વધ્યો છે, ભારતે એક કરાર હેઠળ બાંગ્લાદેશને આ ડીઝલની સહાય કરી છે.

બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશન (BPC)ના ચેરમેન મોહમ્મદ રેઝાનુર રહેમાને જણાવ્યું હતું કે, 'ભારત સાથે અમારો એક કરાર છે અને તે કરાર મુજબ ભારત પાઈપલાઈન દ્વારા બાંગ્લાદેશને દર વર્ષે ૧,૮૦,૦૦૦ ટન ડીઝલ સપ્લાય કરશે. અત્યારે જે ૫,૦૦૦ ટન ડીઝલ આવી રહ્યું છે તે તે જ કરારનો એક ભાગ છે.' કરાર મુજબ, છ મહિનાની અંદર બાંગ્લાદેશમાં ઓછામાં ઓછું ૯૦,૦૦૦ ટન ડીઝલ આયાત કરવામાં આવશે. ભારતથી આજે એટલે કે મંગળવારે જે ખેપ આવી રહી છે તે ૫,૦૦૦ ટન છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આગામી બે મહિનામાં બાકીનું ડીઝલ પણ આયાત કરી લેવામાં આવશે.

ભારતે પાઈપલાઈન દ્વારા બાંગ્લાદેશને ડીઝલ મોકલ્યું છે. આ ડીઝલ બાંગ્લાદેશના પારબતીપુર (Parbatipur) બોર્ડરથી દેશમાં પ્રવેશ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ સપ્લાયથી બાંગ્લાદેશમાં ઈંધણની ઉપલબ્ધતા જાળવી રાખવામાં મદદ મળી છે. મિડલ ઈસ્ટમાં છેડાયેલા યુદ્ધ બાદ અન્ય દેશોની જેમ બાંગ્લાદેશમાં પણ ઈંધણનું સંકટ ઉભું થયું હતું, જે ભારત દ્વારા ડીઝલની પૂર્તિ થતા અમુક અંશે ઓછું થઈ શકશે. બીજી તરફ, બાંગ્લાદેશ સરકારે દેશમાં ઈંધણના સંગ્રહખોરીને લઈ કડક વલણ અપનાવ્યું છે. ઉર્જા મંત્રાલયે જણાવ્યું કે કેટલાક વેપારીઓ બજારમાં કૃત્રિમ અછત ઉભી કરવા માટે ગેરકાયદેસર રીતે ઈંધણનો સંગ્રહ કરી રહ્યા છે. બાંગ્લાદેશના ઉર્જા વિભાગના જણાવ્યા અનુસાર, કેટલાક પેટ્રોલ પંપો પર નિર્ધારિત મર્યાદા કરતા વધુ ઈંધણ વેચવામાં આવી રહ્યું છે અને વધારાનો નફો કમાવવા માટે ઈંધણનો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ખુલ્લા બજારમાં ઈંધણ વેચવા અને દાણચોરીની ફરિયાદો પણ સામે આવી છે.





### ફિલ્મને ૧૦૦ કરોડનું ઓપનિંગ મળશે એવી એનાલિસ્ટ્સની આગાહી

# 'ધુરંધર : ધ રિવેન્જ''એ રિલીઝ પહેલાં જ પેઇડ પ્રિવ્યૂમાં 'સ્ત્રી ૨'ને પાછળ છોડી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ:** રણવીર સિંહની આવનારી એક્શન થ્રિલર 'ધુરંધર: ધ રિવેન્જ' રિલીઝ પહેલાં જ બોક્સ ઓફિસ પર મજબુત પ્રદર્શનના સંકેત આપી રહી છે. ફિલ્મના પેઈડ પ્રિવ્યુ માટે થયેલી એડવાન્સ બુકિંગ્સથી બોલિવૂડમાં નવો રેકોર્ડ બન્યો છે. અત્યાર સુધીમાં ફિલ્મે લગભગ ૨ લાખ ટિકિટ વેચી છે અને લગભગ ૯ કરોડની કમાણી નોંધાવી છે.આ ટિકિટમાંથી લગભગ ૧.૪૧ લાખ ટિકિટ તો પીવીઆર અને સિનેપોલિસ જેવી મલ્ટિપ્લેક્સ ચેઈન્સમાં જ વેચાઈ છે, જે કુલ આવકના લગભગ ૮૦ ટકા જેટલું યોગદાન આપે છે. નોંધનીય છે કે આ સિદ્ધિ ફિલ્મનો એકપણ શો ચાલ્યા વગર, માત્ર બે દિવસનાં પ્રી-સેલ્સમાં જ પ્રાપ્ત થઈ છે અને ફિલ્મની રિલીઝ માટે હજુ દસ દિવસનો સમય બાકી છે.આ સાથે 'ધુરંધર: ધ રિવેન્જ' હવે બોલિવુડમાં સૌથી વધુ પેઈડ પ્રિવ્યુમાં કમાણી કરનાર ફિલ્મ બની છે, કારણ કે તેણે 'સ્ત્રી ૨'ના ૮.૭૫ કરોડના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. હવે સૌની નજર ભારતના કુલ પ્રિવ્યુ રેકોર્ડ પર છે, જે હાલમાં 'ધે કૉલ હિમ ઓજી'ના નામે છે. આ ફિલ્મે પ્રિવ્યુ માટે લગભગ ૨૬ કરોડની કમાણી કરી હતી.ટ્રેડ એનાલિસ્ટ્સ માને છે કે 'ધુરંધર:ધ રિવેન્જ' તેની આગળની ફિલ્મ કરતાં મોટી કમાણી કરી શકે છે. ટિકિટ વેચાણ હવે આગામી દિવસોમાં પણ ચાલુ રહેવાની સંભાવના છે. ટ્રેડ વિશ્લેષકોનું માનવું છે કે શરૂઆતમાં વેચાણનો દર થોડો ધીમો પડી શકે, પરંતુ ત્યારબાદ તે સ્થિર રહેશે. ફિલ્મની રિલીઝ સુધીના દસ દિવસમાં પ્રિવ્યુ આવક લગભગ ૨૦ કરોડ નજીક પહોંચી શકે છે, કદાચ તેનાથી વધુ પણ થઈ શકે.ફિલ્મની કુલ પ્રિવ્યુ ક્ષમતા હાલમાં ૫૫ કરોડ નેટથી વધુ માનવામાં આવી રહી છે, જે આગળ જઈને ૬૫ કરોડ નેટથી પણ ઉપર જઈ શકે છે. આવી સ્થિતિમાં ફિલ્મ માટે ૩૦ કરોડથી વધુ નેટ પ્રિવ્યુ કમાણી કરવી શક્ય બની શકે છે.હાલની સ્થિતિમાં ઈદનો તહેવાર ભારતમાં ૨૧ માર્ચે ઉજવાય તેવી શક્યતા છે, જેના કારણે ફિલ્મના ઓપનિંગ ડે પર રાષ્ટ્રીય રજા નહીં હોય પરંતુ મુંબઈ અને દક્ષિણ ભારતના મોટા બજારોમાં ઉગાડી અને ગુડી પાડવાના તહેવારોને કારણે રજા રહેશે. તો કેટલાક શહેરોમાં રાત્રે ૯:૩૦થી ૧૦ વાગ્યે શરૂ થતા બીજા શો માટે ઓક્યુપન્સી પર થોડી અસર પડી શકે છે. જો બીજા દિવસે રજા હોત, તો ટ્રેડ અનુસાર ૪૦ કરોડનું ઓપનિંગ મળે એવી શક્યતા હતી. છતાં ફિલ્મ માટેના ઉત્સાહને જોતા આ આંકડાને પણ પાર કરી શકે તેવી શક્યતા નકારી શકાય નહીં.ફિલ્મની એડવાન્સ બુકિંગ ૭ માર્ચે સવારે ૧૧:૦૧ વાગ્યે ટ્રેલર રિલીઝ પછી શરૂ થઈ હતી. માત્ર ૨૪ કલાકમાં ઓનલાઈન એપ પર ૮૭ હજાર ટિકિટ વેચાઈ ગઈ હતી. ત્યારબાદ ૯ માર્ચની સવારે આ આંકડો પ્લેટફોર્મ પર ૧.૫ લાખથી વધુ અને કુલ મળીને ૨ લાખથી વધુ ટિકિટ સુધી પહોંચી ગયો હતો. ટ્રેડ વેબસાઈટ સેકનિક મુજબ, ફિલ્મના પ્રિવ્યુ શોએ દેશભરમાં ૨.૦૬ લાખ ટિકિટ વેચી છે.આ પ્રિવ્યુ આવકનો મોટો ભાગ હિન્દી વર્ઝનમાંથી આવ્યો છે, પરંતુ તમિલ ડબ્ડ વર્ઝન પણ અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કરી રહ્યું છે, જેનાથી લગભગ ૧૦ લાખ જેટલી આવક નોંધાઈ છે.રસપ્રદ વાત એ છે કે માત્ર પ્રિવ્યુ માટે થયેલી એડવાન્સ બુકિંગથી જ 'ધુરંધર ૨'એ કેટલીક ફિલ્મોના ઓપનિંગ ડે કલેક્શનને પણ પાછળ મૂકી દીધા છે. જેમાં શાહિદની 'ઓ રોમિયો' અને ટાઇગર શ્રોફની 'બાગી ૪'. 'ધુરંધર ૨'ના પ્રિવ્યુ માટેની ૧૨.૨૯ કરોડની આવક આ બંને ફિલ્મના ઓપનિંગના આંકડાથી વધુ છે.





# સની અને પ્રીતિની ફિલ્મનું ટાઈટલ બદલીને બટવારા ૧૯૪૭ કરાયું



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ:** આમિર ખાનની પ્રોડક્શન કંપનીએ રાજ કુમાર સંતોષીનાં દિગ્દર્શન હેઠળ બનાવેલી ફિલ્મ 'લાહોર ૧૯૪૭'નું ટાઈટલ બદલવામાં આવ્યું હોવાનું કહેવાય છે. આ ફિલ્મ અસગર વજાહતનાં પ્રસિદ્ધ નાટક 'જિસ લાહોર નહિ દેખ્યા વો જન્મ્યા હિ નહિ' પર આધારિત છે. જોકે, આમિર ખાનને ડર લાગ્યો હતો કે હાલના રાજકીય માહોલમાં પોતે પાકિસ્તાનનાં શહેરનું નામ ટાઈટલમાં હોય તેવી ફિલ્મ રજૂ કરશે તો નેગેટિવ પબ્લિસિટી થઈ શકે છે. આથી તેણે ફિલ્મનું ટાઈટલ બદલીને 'બટવારા ૧૯૪૭ કરી નાખ્યું છે. આ ફિલ્મ દ્વારા વર્ષો પછી પ્રીતિ ઝિન્ટા મોટા પડદે પાછી ફરી રહી છે. આ ઉપરાંત વર્ષો બાદ સની દેઓલ ફરી રાજકુમાર સંતોષીનાં દિગ્દર્શન હેઠળ કામ કરી રહ્યો છે. આ ફિલ્મ લાંબા સમયથી તૈયાર હોવાનું કહેવાય છે. જોકે, આમિર ખાને તેની કુટેવ મુજબ ફિલ્મનાં સર્જનમાં વારંવાર દખલ કરતાં તેના અને રાજકુમાર સંતોષી વચ્ચે તથા તેના અને સની દેઓલ વચ્ચે મતભેદો પણ સર્જાયા હોવાનું કહેવાય છે. તેના કારણે ફિલ્મનાં કેટલાંક દ્રશ્યોનું રિશૂટ પણ કરવું પડયું હોવાનું કહેવાય છે.

# ફિલ્મોમાંથી મજા, ઉત્સાહ, રંગો, ગીતો, પ્રેમ કે રોમાંસ ગાયબ થઈ ગયાં : કરીના

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ:** કરીના કપૂર હંમેશા બોલિવૂડના મસાલા મુવીઝની પ્રશંસક રહી છે અને ફિલ્મપણાની મજા લેતી રહી છે. તેથી હાલની ફિલ્મોના ટ્રેન્ડ અંગે તેણે કેટલીક ફરિયાદ કરી છે. તાજેતરમાં હિન્દી સિનેમામાં વધતા હાઈપર-મસ્ક્યુલિન એક્શન ફિલ્મોના પ્રભાવ અને હિંસા તથા ભવ્ય દેખાડા પર વધતા ધ્યાન અંગે વાત કરી હતી. એક ડિજીટલ પ્લેટફર્મના ઈન્ટરવ્યુમાં કરીનાએ જણાવ્યું કે હાલમાં ફિલ્મોમાં લાગણીઓ અને મનોરંજન કરતાં આક્રમકતા અને લોહી લૂહાણ દૃષ્યોને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે.છેલ્લા કેટલાક વર્ષોમાં એનિમલ, જવાન અને પઠાણ જેવી મોટા બજેટની એક્શન ફિલ્મોએ બોક્સ ઓફિસ પર દબદબો જમાવ્યો છે, જેના કારણે ચર્ચા શરૂ થઈ છે કે હિંસાત્મક એક્શન અને તેને ભવ્ય રીતે દર્શાવવું હવે સિનેમાનું વ્યાવસાયિક રીતે સૌથી સફળ સ્વરૂપ બની રહ્યું છે કે નહીં.ચર્ચા દરમિયાન કરીનાએ જણાવ્યું કે હાલમાં આવતી ફિલ્મોમાં એક સમયે મુખ્યધારાની બોલિવૂડ ફિલ્મોમાં મનોરંજનની ઓળખ હતાં તે તત્વોની ગેરહાજરી જોવા મળે છે. કરીનાએ કહ્યું કે નવો ટ્રેન્ડ ખુશી, રોમાન્સ અથવા સંગીત કરતાં આક્રમકતા અને દેખાડા પર વધુ ભાર મુકે છે - જ્યારે તેના મત મુજબ આ જ તત્વો હિન્દી સિનેમાને રંગ અને ઊર્જા આપતાં હતાં.આ જ ચર્ચામાં કરીના સાથે હાજર રહેલી સાઉથની એક્ટ્રેસ કલ્યાણી પ્રિયદર્શને જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ટ્રેન્ડ નક્કી કરવામાં દર્શકોની પસંદગી પણ મહત્વની ભુમિકા ભજવે છે. તેના જણાવ્યા મુજબ સિનેમાની દિશા ફક્ત નિર્માતાઓ નક્કી કરતા નથી, પરંતુ દર્શકો શું પસંદ કરે છે તે પણ એટલું જ મહત્વનું છે.હાલના ટ્રેન્ડ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કલ્યાણીએ કહ્યું, "હાલમાં હું તેને એક ટ્રેન્ડ કહીશ કારણ કે મને લાગે છે કે આ માત્ર ટ્રેન્ડ છે અને લાંબો સમય નહીં ચાલે. પરંતુ ટ્રેન્ડ હંમેશા દેખાડા વિશે રહ્યો છે.



# આલિયા ભટ્ટની ફિલ્મ સ્પાય-થ્રિલર જુલાઈમાં રિલીઝ થશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ:** લાંબા સમયની ઈન્તેઝારીનો હવે અંત આવ્યો છે. આલિયા ભટ્ટની સ્પાય-થ્રિલર હવે જુલાઈમાં રિલીઝ થવા જઈ રહી છે. યશરાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સની આવનારી ફિલ્મ આલ્ફામાં આલિયા ભટ્ટ સાથે અનિલ કપૂર, બોબી દેઓલ અને શર્વરી વાઘ પણ મહત્વના રોલમાં જોવા મળશે. ઘણી રાહ જોયા પછી આલિયા ભટ્ટની સ્પાય-થ્રિલરને અંતે તેની રિલીઝ તારીખ મળી ગઈ છે. YRF સ્પાય યુનિવર્સની આ આવનારી ફિલ્મ ૧૦ જુલાઈ ૨૦૨૬એ મોટા પડદા પર રિલીઝ થવાની છે. આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં યશરાજ ફિલ્મ્સે અંગ્રેજી 'એ' અક્ષર સાથેનું એક રસપ્રદ પોસ્ટર શેર કર્યુ છે.આલિયા ભટ્ટ અને શર્વરી તેમની આવનારી સ્પાય-થ્રિલર આલ્ફા સાથે પ્રસિદ્ધ વાયઆરએફ યુનિવર્સમાં જોડાઈ છે. આ ફ્રેન્ચાઈઝીની આ પહેલી મહિલા-કેન્દ્રિત થ્રિલર ફિલ્મ છે, જેમાં એક થા ટાઈગર, વૉર અને પઠાણ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. શિવ રવૈલ દ્વારા દિગ્દર્શિત અને આદિત્ય ચોપરા દ્વારા નિર્મિત આલ્ફા ૧૦ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મનો સ્ક્રીનપ્લે શ્રિધર રાઘવન, શિવ રવૈલ અને ઈશિતા મોઈત્રા જેવા લેખકો દ્વારા લખવામાં આવ્યો છે.અગાઉ એક સુત્રએ જણાવ્યું હતું કે આલિયા અને શર્વરી એક સ્ટાર-સ્ટડેડ ખાસ ગીતમાં જોવા મળશે અને તે એક નવા અને ક્યારેય ન જોવાયેલા અંદાજમાં જોવા મળશે. સુત્રએ જણાવ્યું, "આલિયા અને શર્વરી બંને આ ગીત માટે ખુબ ઉત્સાહિત હતાં. આ ગીત ભવ્ય અને દમદાર છે. વિચાર એ હતો કે એક્શનથી ભરપુર પરિસ્થિતિમાં બંને મહિલા મુખ્ય પાત્રો સાથે એક અદ્ભુત અને એનર્જેટીક ગીત રજૂ કરવું અને તે બિલકુલ એ જ રીતે તૈયાર થઈ રહ્યું છે.''ફિલ્મમાં પહેલેથી જ મજબુત કાસ્ટ છે. પરંતુ આ ફિલ્મમાં રિતિક રોશનની પણ ખાસ હાજરી જોવા મળશે. એક અહેવાલ અનુસાર, રિતિક તેના એજન્ટ કબીર પાત્ર સાથે આલ્ફામાં ક્રોસઓવર કરશે.એક સુત્રએ જણાવ્યું, "રિતિક ઉત્સાહિત છે કારણ કે યશરાજના સ્પાય યુનિવર્સમાં તેનું પાત્ર આ પહેલા ક્રોસઓવરમાં જોવા મળશે. લાંબા ગાળાની યોજનાના ભાગરૂપે તે આલિયા ભટ્ટ અને શર્વરીના મેન્ટર તરીકે જોવા મળશે.''અગાઉ આલ્ફા ૧૭ એપ્રિલે રિલીઝ થવાની હતી. પરંતુ તે સલમાન ખાનની બેટલ ફ ગલવાન સાથે ક્લેશ થાય એવું હોવાથી ઈન્ડસ્ટ્રીના સુત્રોએ અનુમાન લગાવ્યું હતું કે નિર્માતાઓ નવી તારીખ પસંદ કરી શકે છે. તેથી હવે નવી તારીખ જાહેર કરવામાં આવી છે અને તે ફાઈનલ તારીખ હોવાનો અંદાજ છે. આ યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સની સાતમી ફિલ્મ છે.

સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને આદેશ

# કોવિડ વેક્સિનની આડઅસરથી પીડિતા લોકો માટે વળતરની નીતિ તૈયાર કરો

## સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે આ વળતર 'નો-ફોલ્ટ'ધોરણે આપવું જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૧૦**

સુપ્રીમ કોર્ટે એક અરજીની સુનાવણીમાં કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે, જે લોકો કોવિડ-૧૯ વેક્સિનની ગંભીર આડઅસરોથી પીડાઈ રહ્યા છે, તેમને વળતર આપવા માટે એક નીતિ ઘડવામાં આવે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે આ વળતર 'નો-ફોલ્ટ'ધોરણે આપવું જોઈએ.

સુપ્રીમ કોર્ટે એક અરજીની સુનાવણી વખતે ૧૦માર્ચના રોજ કેન્દ્રને નિર્દેશ કર્યો હતો કે, 'ભારત સરકાર કોવિડ-૧૯ વેક્સિનેશન પછીની ગંભીર આડઅસરો માટે 'નો-ફોલ્ટ કોમ્પેન્સેશન પોલિસી' ઘડે. આ પ્રકારની વળતર યોજનાની શરૂઆતને સરકારે 'કોઈ ભૂલની કબૂલાત' તરીકે ના જોવી જોઈએ. 'નો-ફોલ્ટ' ફ્રેમવર્કનો અર્થ એ નથી કે સરકાર પોતાની ભૂલ કે કાયદાકીય જવાબદારી સ્વીકારી રહી છે.'

સુપ્રીમ કોર્ટ બે યુવતીના માતા-પિતા દ્વારા દાખલ અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમનું કોવિડ વેક્સિનની આડઅસરને કારણે થયું હતું. આ અરજીમાં મૃત્યુની સ્વતંત્ર તપાસ, ઓટોપ્સી રિપોર્ટની સમયસર રજૂઆત અને આર્થિક વળતરની સાથે આડઅસરોની વહેલી ઓળખ માટે ગાઈડલાઈન્સ બનાવવાની માંગ કરાઈ હતી.

આ મુદ્દે સુપ્રીમ કોર્ટે અભિપ્રાય આપ્યો હતો કે વેક્સિનની આડઅસર તપાસવા માટે કોઈ નિષ્ણાતોની નવી સમિતિ બનાવવાની જરૂર નથી કારણ કે, હાલની વૈજ્ઞાનિક મૂલ્યાંકન પદ્ધતિઓ પૂરતી છે. વધુમાં, આ ચુકાદો અન્ય પ્રતિકૂળ અસર પામેલી વ્યક્તિને તેમના વ્યક્તિગત કાયદાકીય ઉપાયો શોધતા અટકાવશે નહીં.

કેરળ હાઈકોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૨માં નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને વેક્સિનના કારણે થતા મૃત્યુ માટે વળતરની ગાઈડલાઈન્સ બનાવવા કહ્યું હતું. આ કેસમાં એક મહિલાએ તેના પતિના મૃત્યુ બદલ વળતર માંગ્યું હતું. કેન્દ્ર સરકારે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેને ત્યસુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે માત્ર કોવિડ-૧૯ને મહામારી જાહેર કરાઈ છે. વેક્સિનની અસરોને નહીં. તેથી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ વળતરની કોઈ જોગવાઈ નથી. સરકારે એમ પણ જણાવ્યું કે રસીકરણ માટેના મેડિકલ પ્રોટોકોલ વૈશ્વિક સ્તરના છે, જે એડવર્સ ઈફેક્ટ ફોલોઈંગ ઈમ્યુનાઈઝેશન (AEFI) એટલે કે આડઅસરની વહેલી ઓળખ અને સારવારની ખાતરી કરે છે.

# ગુજરાતમાં ગેસની અછતઃ ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે ગુજરાતમાં ગેસની અછત સર્જાઈ

## મોરબીના સિરામિક ઉદ્યોગ, મહેસાણાની દૂધસાગર ડેરી, રાજકોટ અને વડોદરાની હોટલો, ફરસાણના કારખાનાઓ પર માઠી અસર થઈ છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજકોટ,તા.૧૦**

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના ખાડી દેશોમાં યુદ્ધની સ્થિતિ સર્જાયેલી હોવાથી ગેસ સપ્લાય ચેન ખોરવાઈ છે. જેના કારણે ભારતભરસહિત ગુજરાતમાં પણ ગેસની અછત સર્જાતા ગુજરાતના ઉદ્યોગજતગ પર માઠી અસર જોવા મળી રહી છે. આ સ્થિતિમાં રોજકોટ અને વડોદરામાં કોમર્શિયલ ગેસના પુરવઠાની અછત સર્જાતા હોટલો, કેટરિન, ફરસાણના કારખાના મુશ્કેલીમાં છે, સાથે જ પ્રોપેન ગેસની અસતને કારણે મોરબીના સિરામિક ઉદ્યોગ પર ગંભીર અસર જોવા મળી રહી છે, તો આ તરફ મહેસાણાની દૂધસાગર ડેરીના ગેસ પુરવઠામાં ૪૦ટકાનો કાપ મૂકાશે તેવી માહિતી હાલ સામે આવી રહી છે.

ખાડી દેશોમાં યુદ્ધની અસર ગુજરાતના ઉદ્યોગજગત પર જોવા મળી રહી છે. આ સ્થિતિને વડોદરામાં કોમર્શિયલ ગેસની અછતના સર્જાતા શહેરના હોટલો, કેટરિંગ અને ફરસાણના કારખાનાઓને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. માહિતી મુજબ, વડોદરામાં ૩૬ જેટલા ગોડાઉનમાં કોમર્શિયલ ગેસના બોટલ ખૂટી પડતા પુરવઠો ખુબ ઓછો થઈ ગયો છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યાનુંસાર અગાઉ રોજ બે ગાડી ગેસ આવી જતી હતી, પરંતુ હાલ માત્ર એક ગાડી ઉપલબ્ધ છે, અને કેટલાક સ્થળોએ કોમર્શિયલ ગેસનો પૂરવઠો બંધ થઈ ગયો છે. ઘરેલું ગેસનો પુરવઠો પણ ઘટી ગયો છે, જેના કારણે નાનાં વ્યવસાયો અને ઉદ્યોગો કામગીરીમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ સ્થિતિ હોટલો અને ફરસાણના ઉદ્યોગો માટે સંકટરૂપ બની રહી છે, જે અસરકારક અને સમયસર પુરવઠાની અપેક્ષા ધરાવે છે.

જ્યારે ઈરાન સામે ઈઝરાઈલ અને અમેરિકાના યુદ્ધની અસર રાજકોટમાં પણ જોવા મળી રહી છે. રાજકોટમાં હાલમાં કોમર્શિયલ રાંધણ ગેસ નથી મળી રહ્યો. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા એજન્સીઓને મેલ મારફત જાણ કરવામાં આવી ખાણીપીણીના ધંધાર્થીઓને જાણ કરાવામાં આવી છે કે, તેઓને રાંધણ ગેસના બાટલા નહીં મળે. જેના કારણે હોટલ અને ખાણીપીણીના ધંધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઈરાન દ્વારા હોર્મુઝ રૂટને સીઝ કરવામાં આવ્યો છે જેને લીધે ગેસની આયાત નિકાસને માઠી અસર પડી હોવાનું નિષ્ણાંતોનું માનવું છે.

આટલું જ નહીં, આ ગંભીર સ્થિતિની ચપેટમાં મોરબીના સિરામિક ઉદ્યોગ પર પણ આવી ગયો છે. મળતી માહિતી મુજબ પ્રોપેન ગેસની સપ્લાય બંધ થવા અને ગુજરાત ગેસ દ્વારા ૫૦ ટકા કાપ સાથે ગેસ આપતા ઉદ્યોગકારો મુશ્કેલીમાં મુકાયા છે. આ પરિસ્થિતિ વચ્ચે અંદાજે ૧૦૦થી વધુ ફેક્ટરીઓએ શટડાઉન શરૂ કરી દીધું છે. સિરામિક યુનિટોની જનરલ મિટિંગમાં ૯૭ ટકા યુનિટોએ પ્રોડક્શન બંધ રાખવા સમર્થન આપ્યું હોવાનું જાણવા મળ્યું છે.

મોરબી સિરામિક એસોસિએશનના હોદ્દેદારોએ ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા સાથે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી. સાથે સાથે ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, રાજ્ય સરકારના અગ્ર સચિવ એમ.કે. દાસ અને ગુજરાત ગેસના એમડી અવંતિકા સિંહ સાથે પણ ઉદ્યોગના પ્રશ્નો અને ગેસ પુરવઠા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે પ્રોપેન ગેસ વાપરતા ઉદ્યોગોએ ૧૦ માર્ચથી અને ગુજરાત ગેસ વાપરતા ઉદ્યોગોએ ૧૫ માર્ચથી એક મહિના સુધી ઉત્પાદન બંધ રાખવા અંગે એસોસિએશન દ્વારા સભ્યો પાસેથી અભિપ્રાય માંગવામાં આવ્યો છે.

તો આ તરફ, યુદ્ધની અસરથી મહેસાણાની દૂધસાગર ડેરીના ગેસ પુરવઠામાં ૪૦ટકાનો કાપ મૂકાશે તેવું જાણવા મળી રહ્યું છે. અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે ખાડી દેશોમાં સર્જાયેલી ગેસની અછતને કારણે મહેસાણા દૂધસાગર ડેરીમાં ગેસ કાપના કારણે ડેરીના ૨ પાવડર પ્લાન્ટ બંધ કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અંદાજ આ નિર્ણયથી મુજબ મિલ્ક પાવડરનું ૨૦૦ ટન ઉત્પાદન ઘટીને ૧૫૦ ટન થઈ જશે. જોકે દૂધપ્રોસેસિંગ યથાવત્ રાખવા ડેરીએ ફર્નેસ ઓઈલ અને સોલિડ ફ્યુઅલ આધારિત બોઈલરની તૈયારીઓ શરૂ કરી હોવાથી તમામ પશુપાલકોનું દૂધ રાબેતા મુજબ જ લેવામાં આવશે તેવી માહિતી ચેરમેન અશોક ચૌધરીની આપી છે.

# બ્રાસ સિટી જામનગરમાં યુદ્ધના પડઘાઃ બ્રાસ ઉદ્યોગમાં વપરાતા ભંગારની આયાત પર લાગી બ્રેક

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જામનગર,તા.૧૦**

જેને સમગ્ર ભારતમાં 'બ્રાસ સિટી' તરીકેની ગૌરવવંતી ઓળખ મળેલી છે, તે જામનગર શહેર પર હાલ વૈશ્વિક યુદ્ધની ઘેરી અને વિપરીત અસરો જોવા મળી રહી છે. ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયંકર યુદ્ધ અને તણાવપૂર્ણ સ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગો ખરાબ રીતે પ્રભાવિત થયા છે.

આ વૈશ્વિક અશાંતિનો સીધો ફટકો જામનગરના જીવાદોરી સમાન બ્રાસ ઉદ્યોગને પડ્યો છે. બ્રાસના ઉત્પાદન માટે અત્યંત જરૂરી એવા કાચા માલ એટલે કે બ્રાસના ભંગારની આયાત પર અચાનક જ મોટી બ્રેક વાગી ગઈ છે. વિદેશથી આયાત થતા ભંગારના કન્ટેનરો ભરેલા તમામ શિપ દરિયાની વચ્ચે જ ફસાઈ જવાના કારણે જામનગરમાં ભંગારની ભારે અછત સર્જાવા પામી છે, જેનાથી સમગ્ર ઉદ્યોગજગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.





આ ગંભીર પરિસ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપતાં જામનગર બ્રાસ ઉદ્યોગ એસોસિએશનના પ્રમુખ રામજીભાઈ ગઢીયા જણાવે છે કે, યુદ્ધના કારણે દરિયાઈ માર્ગો પર સુરક્ષાનો મોટો ખતરો ઉભો થયો છે. આ જોખમને ટાળવા માટે સમુદ્ર કિનારે આવતા બ્રાસ ભંગારના તમામ શિપને અધવચ્ચેથી જ રોકી દેવામાં આવ્યા છે અથવા તો તેમને જુબેલ અલી જેવા અન્ય સેફ (સુરક્ષિત) બંદરો તરફ વાળી દેવામાં આવ્યા છે. શિપિંગ કંપનીઓ કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતી ન હોવાથી, માલવાહક જહાજો અટવાઈ ગયા છે. આ અણધારી સ્થિતિના કારણે જામનગરના કારખાનાઓ સુધી પહોંચતો કાચો માલ રાતોરાત અટકી ગયો છે અને ઉદ્યોગકારો ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

જામનગરના બ્રાસ ઉદ્યોગનું અર્થતંત્ર મહદઅંશે આયાતી ભંગાર પર જ નિર્ભર કરે છે. આંકડાકીય માહિતી મુજબ, આ ઉદ્યોગને ધમધમતો રાખવા માટે નિયમિત ધોરણે કાયમી આશરે ૬૦૦ થી ૭૦૦ ટન બ્રાસ ભંગારની જંગી જરૂરિયાત રહે છે. આ કુલ જરૂરિયાતમાંથી અંદાજે ૭૦ ટકા જેટલો ભંગાર વિદેશથી ઈમ્પોર્ટ કરવામાં આવે છે, જ્યારે માત્ર બાકીના ૩૦ ટકા જેટલા સ્થાનિક કે અન્ય ભંગાર પર આ ઉદ્યોગ નિર્ભર છે. આટલા મોટા પાયે આયાત પર આધારિત આ ઉદ્યોગમાં જો ૭૦ ટકા કાચા માલનો સપ્લાય અચાનક ખોરવાઈ જાય, તો તેની સીધી અસર ઉત્પાદન અને સપ્લાય ચેઈન પર પડવી સ્વાભાવિક છે. અત્યારે આ જ કારણસર કારખાનાઓમાં કાચા માલની તીવ્ર ખેંચ ઉભી થઈ છે. હાલની કપરી પરિસ્થિતિમાં ઉદ્યોગકારો માત્ર એક જ આશાના કિરણ પર નભી રહ્યા છે. અત્યારે જામનગરનો બ્રાસ ઉદ્યોગ માત્ર એ જ કન્ટેનરો પર નિર્ભર છે, જે યુદ્ધની સ્થિતિ વણસી તે પહેલાંથી જ ભારતના અલગ અલગ બંદરો પર આવી પહોંચ્યા છે, અને ત્યાંથી જામનગર આવવા માટે પ્રતીક્ષામાં પડેલા છે.

આ સિવાય વિદેશથી આવતા તમામ નવા કન્ટેનરો અને શિપિંગ સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. બંદરો પર પડેલો આ સીમિત જથ્થો પણ બહુ લાંબો સમય ચાલી શકે તેમ નથી. જો આગામી થોડા દિવસોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પરિસ્થિતિ થાળે નહીં પડે અને નવો માલ નહીં આવે, તો ઉત્પાદકો પાસે કારખાના બંધ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચશે નહીં. જામનગરનો બ્રાસ ઉદ્યોગ પહેલાથી જ કાચા માલના ભાવોમાં સતત થઈ રહેલા ઉછાળા અને મોંઘવારીનો આકરો સામનો કરી રહ્યો હતો. તેમાં હવે આ યુદ્ધરૂપી પડ્યા પર પાટું સમાન સ્થિતિ નિર્માણ પામી છે.

# મોરબીના વિશ્વપ્રસિદ્ધ સિરામિક ઉદ્યોગ પર કાળા વાદળો છવાયા, વધુ ૭૦ કારખાનાઓને તાળાં લાગ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મોરબી,તા.૧૦**

મોરબીનો સિરામિક ઉદ્યોગ, જે ભારત જ નહીં પણ વિશ્વના અનેક દેશોમાં ટાઈલ્સ અને સેનિટરી વેર પહોંચાડે છે, તે હાલમાં ગંભીર સંકટનો સામનો કરી રહ્યો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધની સીધી અસર મોરબીના કારખાનાઓ પર જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં જ વધુ ૭૦ કારખાનાઓ બંધ થઈ જતાં ઉદ્યોગપતિઓ અને શ્રમિકોમાં ચિંતાની લહેર પ્રસરી ગઈ છે.





સિરામિકના એકમો બંધ થવા પાછળનું મુખ્ય કારણ પ્રોપેન ગેસની ભારે અછત માનવામાં આવી રહી છે. છેલ્લા છ દિવસથી પ્રોપેન ગેસની નિયમિત સપ્લાય ખોરવાઈ ગઈ છે. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે, જેના કારણે મોરબીમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૦ એકમો બંધ કરવાની ફરજ પડી છે. ગેસ વિના ભઠ્ઠીઓ (Kilns) ચલાવવી અશક્ય હોવાથી કરોડો રૂપિયાના ઓર્ડર્સ પેન્ડિંગ પડ્યા છે અને દૈનિક ટર્નઓવરને મોટો ફટકો પડ્યો છે.

મોરબી આસપાસના વિસ્તારમાં ફેલાયેલા આ ઉદ્યોગની કમર તૂટી ગઈ છે. ઉદ્યોગકારો મૂંઝવણમાં છે કે ગેસની નિયમિત સપ્લાય ક્યારે શરૂ થશે? જો યુદ્ધ લાંબુ ચાલશે તો મોરબીનો સિરામિક ઉદ્યોગ ફરી ક્યારે ધમધમતો થશે તે એક મોટો પ્રશ્નાર્થ છે.

હજારો શ્રમિકોની રોજીરોટી પણ આ સ્થિતિને કારણે જોખમમાં મુકાઈ છે. તંત્ર અને ઉદ્યોગ સંગઠનો આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રયત્નશીલ છે, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિ પર કોઈનું નિયંત્રણ ન હોવાથી હાલમાં 'થોભો અને રાહ જુઓ'ની સ્થિતિ છે.

# નીતિન ગડકરીની ગુજરાતને ભેટઃ કચ્છનું રણ ચીરીને નીકળશે નવો નેશનલ હાઈવે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કચ્છ,તા.૧૦**

ગુજરાતનો ખૂણેખૂણો વિકાસ કરી રહ્યો છે. કચ્છમાં કરાયેલા ઝાકમઝોળ કારણે વિદેશના પ્રવાસીઓ પણ ખેંચાઈને આવ્યા છે. ત્યારે હવે પ્રવાસીઓ સરળતાથી કચ્છના રણ સુધી પહોંચે તેવું આયોજન કેન્દ્ર સરકારે કર્યું છે. કચ્છમાં નેશનલ હાઈવે-754K ના નવીનીકરણની જાહેરાત કેન્દ્ર સરકારના મંત્રી નીતિન ગડકરી દ્વારા કરવામાં આવી છે. કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરીને ગુજરાતના કચ્છ માટે મોટી જાહેરાત કરી છે. કચ્છમાં નેશનલ હાઈવે-754K ના નવીનીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૬૫૦.૪૨ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. એક્સ પર આ અંગે જાહેરાત કરતા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, ગુજરાતના કચ્છ જિલ્લામાં નેશનલ હાઈવે 754K ના ૧૬૫.૫૮ કિલોમીટર લંબાઈવાળા લખપત-ગડુલી-જારા-હાજીપીર-ખાવડા-ધોળાવીરા વિસ્તારોને પેવ્ડ શેલ્ડર કન્ફીગરેશનની સાથે ૨ લેન બનાવવા માટે ૬૫૦.૪૨ કરોડ રૂપિયાના ખર્ચ સાથે મંજૂરી આપવામાં આવી છે. આ પરિયોજનાથી કચ્છ ક્ષેત્રની ગુજરાતના અન્ય જિલ્લાઓ સાથે કનેક્ટિવિટી સુધરશે. કચ્છમાં દર વર્ષે અનેક તહેવારો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. જેની પહોંચ આ કોરિડોર પર નિર્ભર કરે છે. આ રાજમાર્ગ કચ્છમાં પ્રમુખ ખનીજ અને મીઠાના ઉદ્યોગના માલના આવનજાવનને વધુ સુગમ બનાવશે. જેનાથી ક્ષેત્રીય આર્થિક વિકાસમાં યોગદાન મળશે. કચ્છમાં હાલ રસ્તાઓ પર ભીડભાડ અને અકસ્માતોનું પ્રમાણ વધુછે. તેથી પેવ્ડ શોલ્ડરની સાથે ૨-લેન અપગ્રેડ કરવાથી અકસ્માતોનું પ્રમાણ ઘટશે. રોડ સુરક્ષાઓમાં સુધારો આવશે. વાહન સંચાલનમાં મેઈન્ટેન્સ ઘટશે. જેનાથી પેટ્રોલ ડીઝલની બચત થશે.

# સરકારી અનાજ માટે CBDC કરાવવા મુદ્દે રેશનિંગ દુકાનદારોનો વિરોધ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વડોદરા,તા.૧૦**

એનએફએસએ હેઠળ સરકારી અનાજ મેળવતા રેશનકાર્ડ ધારકો માટે સેન્ટ્રલ બેંક્ર ડિજિટલ કરન્સી (સીબીડીસી) યોજના અમલમાં મૂકવામાં આવી છે પરંતુ તેના અમલ માટે દુકાનદારોને એક પણ વધારાનું વળતર નહી ચૂકવતા રાજયભરના દુકાનદારોમાં વ્યાપક વિરોધ થયો છે અને સરકારની આ કામગીરી નહી કરવા એસોસિએશન દ્વારા દુકાનદારોને જણાવાયું છે.

રેશનિંગ દુકાનમાંથી અનાજ મેળવતા ગ્રાહકોને કેટલું અનાજ મળશે અથવા મળી રહ્યું છે તેની વિસ્તૃત જાણકારી માટે અગાઉ ઈ કેવાયસી પ્રક્રિયા બાદ હવે રાજ્ય સરકાર નવી સિસ્ટમ સીબીડીસી અમલમાં લાવી છે. પંજાબ નેશનલ બેંક સાથે જોડાણ કરી રાજ્યના લાખો લાભાર્થીઓને નવી નોંધણી માટે હવે દોડાદોડી કરવાનો વારો આવ્યો છે.

મહત્વની બાબત એ છે કે સીબીડીસી માટે લાભાર્થીઓને ઓનબોર્ડિંગ કરવા માટે ગ્રામ્ય કક્ષાએ કામ કરતા વીસીઈ (બિઝનેશ કોરસસ્પોન્ડન્ટ) માટે પૈસા આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. એક રેશનકાર્ડની નોંધણી માટે રૂ.૨૦ ચૂકવવામાં આવશે જયારે રેશનિંગ દુકાનદારોને પણ આ કામગીરી કરવા માટે જણાવાયું છે પરંતુ તેના માટે કોઈ રકમ નહી ચૂકવવામાં આવે તેમ સ્પષ્ટ કરતા રાજયભરના રેશનિંગ દુકાનદારોમાં વિરોધ ઊભો થયો છે. રાજયના બે મોટા એસોસિએશને દરેક જિલ્લાના એસોસિએશનના પ્રમુખને સરકારની આ કામગીરી નહી કરવા માટે સ્પષ્ટ જણાવી દેવાયું છે. રાજયભરમાં ૧૭ હજાર જેટલી રેશનિંગ દુકાનોના સંચાલકોએ આ મુદ્દે સરકાર સામે બાંયો ચડાવી છે અને આગામી દિવસોમાં સરકારને ઉગ્ર રજૂઆત કરવાનુ નક્કી કરવામાં આવ્યું છે. એકને ગોળ બીજાને ખોળ જેવી સરકારી નીતિનો વિરોધ દિવસે દિવસે વધતો જાય છે. ખરેખર રેશનિંગ દુકાનદારોને પ્રોત્સાહન આપવાના બદલે તેમની પાસે જબરજસ્તી કામ કરાવવામાં આવતા તે અંગે રોષ ફાટી નીકળ્યો છે.

ટકેન્દ્ર સરકારના સહયોગથી સીબીડીસી યોજનાને પ્રારંભિક તબક્કામાં પાયલટ પ્રોજેક્ટ અમદાવાદના સાબરમતી ઝોનમાં તેમજ સુરત, આણંદ અને વલસાડ જિલ્લાઓના શહેરી વિસ્તારોમાં અમલીકરણ કરેલ છે. આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન તા.૧૫ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું અને હવે સમગ્ર રાજ્યમાં તેનો અમલ કરવા માટે ઓનબોર્ડિંગ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

રેશનકાર્ડ ધારકોના ઇ-કેવાયસી માટે અગાઉ વીસીઈને પણ રૂ.૫ આપવામાં આવ્યા હતાં તેવી જ રીતે રેશનિંગ દુકાનના સંચાલકોને પણ કોઈ વળતર ચૂકવવામાં નહી આવતા વિરોધ થયો હતો. આખરે સરકારે દુકાનદારોને પણ રૂ.૫ આપવાનો વાયદો કર્યો હતો પરંતુ હજી સુધી રેશનિંગ દુકાનના સંચાલકોને રકમ મળી નથી આ અંગે પણ દુકાનદારોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે.

સીબીડીસી કામગીરી માટે પુરવઠાખાતાના અધિકારીઓ દ્વારા રેશનિંગ દુકાનદારો પર દબાણ કરી રોજ ૨૦ રેશનકાર્ડની કામગીરી કરવાની છે તેમ જણાવવવામાં આવે છે.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**લાયન્સ ક્લબ ઓફ...**

હાસ્યપૂર્ણ નૃત્ય પ્રદર્શન વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ પ્રસંગે, લાયન્સ ઈંગ્લિશ સ્કૂલના શિક્ષિકા શ્રીમતી હર્ષા ભંડારી, શ્રીમતી દિવ્યા સોલંકી, શ્રીમતી વિદ્યાલયના પરીક્ષા વિભાગમાં ઓફિસ સહાયક, દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ અને હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના પ્રોફેસર શ્રીમતી એક્તા તોમરને સ્મૃતિચિહ્નો, નારિયેળ અને શાલ આપીને વુમન ઓફ ધ યર તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના સમર્પિત મહિલા સ્વચ્છતા કાર્યકર શ્રીમતી આસિફા ઉસ્માન નૂરિયાનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં સંસ્થાની પરંપરા મુજબ બાળકીની જન્મોત્સવની પણ ઉજવણી કરવામાં આવી હતી.શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજના સ્ટાફ સભ્ય શ્રીમતી ગીતા મિશાલ અને હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના પ્રોફેસર શ્રીમતી લક્ષ્મી નાયરની નાની પુત્રીઓનું સ્ટેજ પર સ્વાગત કરવામાં આવ્યું હતું, અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ૧૮ વર્ષ માટે ફિક્સ ડિપોઝિટ તરીકે રૂા.૧૮,૦૦૦ની રકમની જાહેરાત કરવામાં આવી હતી.

સમારોહને સંબોધતા, પ્રમુખ શ્રી ફતેહસિંહજી ચૌહાણે તમામ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભકામનાઓ પાઠવી હતી અને સમાજમાં પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે પરસ્પર આદર અને સહકારના મહત્વ પર ભાર મૂક્યો હતો.

અંતે, વાઈસ પ્રિન્સિપાલ શ્રીમતી પારૂલ ગુપ્તાએ આભારવિધિ આટોપી હતી. આ પ્રેરણાદાયી સમારોહનું રાત્રિ ભોજન રાષ્ટ્રગીતના ગાન સાથે સમાપન કરવામાં આવ્યું હતું.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM MOHMMAD YUNUS CHITAPURE TO **MOHAMMED YUNUS CHITAPURE** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SURENDRAKUMAR BABUBHAI SOLANKI TO **SURENDRASINH BABUBHAI SOLANKI** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM RUKHSANA CHITAPURE TO **RUKHSANA MOHAMMED YUNUS CHITAPURE** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I Have Changed My Old Name From **PRAFFULLABEN SURESHBHAI GAJERA** to New Name **GAJERA PRAFULA SURESHBHAI** & I will known as New Name which Please note.
**SD: GAJERA PRAFULA SURESHBHAI**
**Add:** B/3-106, Rajmoti Complex, Chharwada Road, Nr. Hariya Hospital, Vapi-396191, Valsad.

**CHANGE OF NAME**

I Have Changed My Old Name From **PRAFFULLA SURESHKUMAR GAJERA** to New Name **GAJERA PRAFULA SURESHBHAI** & I will known as New Name which Please note.
**SD: GAJERA PRAFULA SURESHBHAI**
**Add:** B/3-106, Rajmoti Complex, Chharwada Road, Nr. Hariya Hospital, Vapi-396191, Valsad.

**કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

જમીન સંપાદન વિભાગ, દમણ

સામાજિક અસર આકારણીની સૂચના

હેતુ: ચપલી શેરી, નાની દમણ ખાતે પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન

RFCTLARR, એક્ટ 2013 ની સામાજિક અસર મૂલ્યાંકન (કલમ 4 અને નિયમ 3)

નંબર 3/143/LND-ACQ/2025-26/618 Dated 10.03.2026.
ગામ: નાની દમણ
સંપાદનનું ક્ષેત્રફળ: 1566.00 ચો.મી.

કૃપા કરીને વિગતો માટે સ્કેન કરો. અથવા https://ddd.gov.in/

જમીન સંપાદન કલેક્ટર, દમણ

No. IP/DMN/2/5/2025-26/1222, Dated: 10/03/2026

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# ગુજરાતના ઉદ્યોગોને મળતા ગેસમાં ૫૦% કાપ મુકાયો




## ફર્ટિલાઈઝર કંપનીઓ અને દૂધની ડેરીઓમાં વપરાતા ગેસમાં પણ લગભગ ૪૦ ટકા સુધીનો કાપ લાદવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર,તા.૧૦**

ગુજરાતમાં ગેસના પુરવઠાની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. ઘરેલુ ગેસ પુરવઠો અવિરત જળવાઈ રહે તે માટે ઉદ્યોગોને આપવામાં આવતા ગેસના વપરાશમાં ૫૦ ટકાસુધીનો કાપ મૂકવામાં આવ્યો છે. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ઈન્ડસ્ટ્રીયલ ગેસ પુરવઠામાં સીધો ૫૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ફર્ટિલાઈઝર કંપનીઓ અને દૂધની ડેરીઓમાં વપરાતા ગેસમાં પણ લગભગ ૪૦ ટકા સુધીનો કાપ લાદવામાં આવ્યો છે.

વધુમાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા એ છે કે રાજ્યના એકપણ ઘરમાં ગેસના અભાવે ચૂલો બંધ ન રહે. તેથી ગેસના પુરવઠા અને વધતી માંગ વચ્ચે સંતુલન જાળવવા માટે ઉદ્યોગ ક્ષેત્રે કાપ મૂકવાનો નિર્ણય લેવાયો છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ કાપ મુખ્યત્વે મોટા ઔદ્યોગિક એકમો માટે જ લાગુ કરવામાં આવ્યો છે. કોમર્શિયલ સિલિન્ડરના પુરવઠામાં હાલ કોઈપણ પ્રકારનો કાપ મૂકવામાં આવ્યો નથી.

ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સરકારનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના ઘરોમાં ગેસની બોટલ સમયસર પહોંચે તે સુનિશ્ચિત કરવાનો છે. ઔદ્યોગિક ક્ષેત્રે ગેસ પુરવઠામાં ઘટાડો કરીને પણ સામાન્ય નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. સામાન્ય જનતા અને નાના વ્યવસાયોને તેની અસર ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી રાજ્યના લાખો ગૃહિણીઓને મોટી રાહત મળશે. ગેસના પુરવઠામાં ખલેલ ન પડે તે માટે ઊર્જા વિભાગ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. વૈશ્વિક અને સ્થાનિક સ્તરે ઊર્જા સંસાધનોની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગેસ પુરવઠાના સંચાલન માટે સક્રિય આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું.

# યુઆઈએની ચૂંટણીનું સમરાંગણ વિકાસના હિતમાં નથી તો સમરસનો પ્રયાસ કેમ નહિ?

## અગ્રણી ઉદ્યોગપતિઓએ જંગે ચઢનારોઓને પાનો ચઢાવવા કરતા એસઆઈએ અને વીઆઈએની માફક ચૂંટણીનું પરિણામ સમરસથી આવે એવા પ્રયાસ કરવા જોઈએ એજ સમયની માંગ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સરીગામ, તા.૧૦**

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી આગામી ૨૭મી માર્ચના રોજ યોજાવાની છે. મતદાન માટે એલિજેબલ મેમ્બરનો ચોક્કસ આંક ૨૨મી માર્ચના રોજ ફીશ જમા કરવા માટેના છેલ્લા દિવસે બહાર આવશે.

હાલમાં યુઆઈએ કચેરીમાં ચાલુ વર્ષની મેમ્બર ફીશ ભરનારાઓની કતાર જામેલી છે. જેના ઉપરથી યુઆઈએનો જંગ રસાકસી અને તનાવ પૂર્ણ બની રહેશે એવું તારણ બહાર આવી રહ્યું છે અને હાર સહન કરનાર વિરોધ પક્ષ સમગ્ર કામગીરીમાં વિપક્ષની ભૂમિકામાં રહેશે અને એમની વચ્ચે વિશ્વાસ અને સંકલનનો અભાવ રહેશે. આ પરિસ્થિતિમાં ભવિષ્યમાં વિકાસના કામમાં સરળતા લાવવા અને ખાસ કરીને જ્યારે વિશાળ હિત ધરાવતો હોસ્પિટલ પ્રોજેક્ટની કામગીરી પાઈપલાઈનમાં હોય ત્યારે અગ્રણી ઉદ્યોગપતિઓએ આગળ આવી સમગ્ર પ્રક્રિયા સમરસ બની રહે એવા પ્રયાસ કરવાની સમયની માંગ છે.

વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન છેલ્લા બે ટર્મથી સમરસ પરિણામ જાહેર કરે છે અને આ વર્ષે પણ બંને એસોસિએશને સમરસ પરિણામ જાહેર કરી એક્તા અને વિશ્વાસની ભાવના પ્રગટ કરી છે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનમાં પણ મહત્વની અને માર્ગદર્શકની ભૂમિકા ભજવતા ચંદન સ્ટીલના માલિક શ્રી દિલીપભાઈ ચંદન અને ડોમ્સ કંપનીના માલિક શ્રી સંતોષભાઈ રવશીયા સહિત છથી સાત અગ્રણી ઉદ્યોગપતિઓ ધારે તો સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સમરસ જાહેર કરી શકે છે. જેમની પાસે ફોર્મ પરત ખેંચવાની અગામી તારીખ ૧૫મી માર્ચ સુધીનો સમય છે.

# નવા કાયદા મુજબ પગાર વધારવાની માંગ સાથે વાપી બલીઠા આલોક કંપનીના કામદારો ૧૫ દિવસથી હડતાલ પર





## ધારાસભ્યની આગેવાની હેઠળ બે-બેવાર રેલી કામદારોએ કાઢી પરંતુ મેનેજમેન્ટ ચૂપ છે?

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૦**

વાપી બલીઠા સ્થિત આલોક કંપનીના ૫૦૦ ઉપરાંત કામદારો છેલ્લા ૧૫ દિવસથી કંપની ગેટ પાસે હડતાલ ઉપર બેસી ગયા છે. કામદારો નવા કાયદા મુજબ પગાર વધારવારની લડત ચલાવી રહ્યા છે.

સરકાર દ્વારા કામદારોના વેતન અંગે નવો કાયદો લાવવામાં આવ્યો છે. પરંતુ હકીકત એ છે કે આલોક કંપનીના કામદારોને નવા પગારનો લાભ મળ્યો નથી. તેથી કામદારો હડતાલ ઉપર ઉતરી ગયા છે. સન ૨૦૨૨ પછી કામદારોના પગારમાં કોઈ વધારો કે ફેરફાર કરવામાં આવ્યો નથી. ૨૦૨૨માં ૧૫૦૦ રૂપિયા પગાર વધારો કરાયો હતો. તે પછી પગાર વધાર્યો નથી. તેમજ ૩૫ જેટલા કામદારો પગાર વધારાનું એરીયસ પણ બાકી છે. કામદારોએ જણાવ્યું હતું કે લેબર ઓફિસરની હાજરીમાં ૧૫૫૦ રૂપિયાનો પગાર વધારાની વાત થઈ હતી. તે વાતનું એક વર્ષ વીતિ ગયું પણ કંપનીએ અમલ કર્યો નથી.પરંતુ કામદારોના યુનિયનને નબળુ પાડવાની કોશીષ થઈ રહી છે. ૧૭ જેટલા કામદારોને કાઢી મુકાયા છે તદઉપરાંત પરિવાર માટે દુર્ઘટના કે અન્ય સ્થિતિમાં વળતર જોગવાઈ નથી.

કામદારોએ તેમની માંગણીઓ માટે વાંસદાના ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલની આગેવાનીમાં બે બે વાર રેલી પણ કાઢી ચૂક્યા છે. પરંતુ મેનેજમેન્ટ તરફથી કોઈ આશ્વાસન મળેલ નથી. તેથી કામદારએ લડતનો મુડ બનાવીને ૧૫ દિવસથી કંપની ગેટ સામે હડતાલ પર બેસી રહ્યા છે.

# વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસવડાએ વહીવટી સરળતા હેતુ પી.આઈ.ની બદલી હુકમ કર્યા

## વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં કે.જે.રાઠોડની નિમણૂક કરાઈ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૦**

વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાએ આજે જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન અને વિભાગોમાં ફરજ બજાવતા પાંચ ઈન્સપેક્ટરોની બદલી કરતો હૂકમ કર્યો હતો. જાહેર હીત અને વહીવટી સરળતા માટે બદલી કરાઈ છે.

બદલી કરવામાં આવેલ પી.આઈ. કેડરના પાંચ અધિકારીઓ પૈકી કે.જે.રાઠોડ જે એ.એચ.ટી.યુ. વલસાડમાં ફરજ ઉપર હતા તેમની બદલી વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં કરાઈ છે. એમ.પી.પટેલ જેઓ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ ઉપર હતા, તેમની બદલી લીવ રીઝર્વમાં કરવામાં આવી છે. જ્યારે પી.આઈ. વળવી એલ.આઈ.બી.માં ફરજ ઉપર હતા તેમની બદલી એએચટીયુ વલસાડમાં કરાઈ છે. જ્યારે પી.આઈ. યુ.બી.બારોટની બદલી એલ.સી.બી.માંથી એલ.આઈ.બી.માં કરાઈ છે. જ્યારે પી.આઈ. બી.કે.પટેલને લીવ રીઝર્વ વાપી ટાઉન પોલીસ સ્ટેશનથી ડુંગરા પોલીસ સ્ટેશન એટેચમાં કરવામાં આવી છે. આ જિલ્લાના પાંચ ઈન્સપેક્ટરોની બદલી કરવામાં આવી છે.

# વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ખરાબ રસ્તાઓથી લોકો ત્રાહિમામ્



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૧૦**


વલસાડ શહેરમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે જે શહેરનો સૌથી વ્યસ્ત માર્ગ છે ૨૪ કલાક ધમધમતો રહે છે આ રસ્તાનો સિમેન્ટ કોંક્રિટ રોડ બનવાનું કામ છેલ્લા આઠ મહિનાથી ચાલી રહ્યું છે આ કામ કાચબા ગતિએ ચલાવતા હજારો વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સીસી માર્ગની કામ કરતી એજન્સી બાંધકામ વિભાગ રીતસરની લોકોને હેરાન કરવાની ઠેકો લીધો હોય તેવું લાગી રહ્યુ છે. લોકોને આગોતરી જાણ કરવા કે કોઈ વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થ કર્યા વગર ગમે ત્યાં ગમે તે રસ્તા બંધ કરી દે છે. હાલમાં કેરી માર્કેટ આગળ કામ ચાલી રહ્યો હોવાથી એક માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે એકાદ માસમાં કેરીનો માર્કેટ શરૂ થવાનું હોય રસ્તા કામના ઠેકાણા ના હોય કેરીના વેપારીયા ઊંચા નીચા થયા છે.

એજ રીતે વલસાડ નગરપાલિકા પણ શહેરીજનોનું શોષણ કરી રહી છે. શહેરનો અંદર ભાગમાં મોટાભાગના રસ્તાઓ પર વાહન ચલાવવા લાયક નથી. વરસાદ ગયાને સાત મહિના બાદ પણ રસ્તાઓ ખખડધજ હાલતમાં છે તેમાં મોગરાવાડી, અબ્રામા વિસ્તારમાં લોકાને ભગવાન ભરોસે નગરપાલિકાએ મૂકી દીધા છે. પાલિકા પ્રમુખે કહ્યું હતું કે, આ વખતે રસ્તાઓ સરસ બનશે. પાલિકા અને કામ કરતી એજન્સીઓ લોકોને કેવી રીતે ઉઠા ભણાવે છે તેનો એક નમૂનો મોગરાવાડીમાં જોવા મળ્યો છે. મોગરાવાડી સહયોગ નગર બંધન બેંકથી નાકા સુધી રસ્તાનું કામ બે માસ અગાઉ શરૂ કરાયું હતું. એજન્સીએ રસ્તા પર કપચી પાથરી ડામર કામ કર્યા વગર પલાયન થઈ ગયો હવે વાહન ચાલકોને એ રસ્તા પરથી જવા મજબૂર બન્યા છે પાલિકામાં તપાસ કરતા જાણવા મળ્યું કે એજન્સીને નોટિસ આપી છે પાલિકા નોટિસ નોટિસની રમત રમી રહ્યા છે. લોકો ત્રાહીમામ પોકારી રહ્યા છે શહેરના લોકોમાં લાચારી જોવા મળી રહી છે આખીર જાયે તો જાયે કહા.

# વલસાડ નનકવાડામાં કરંટના ઝટકાથી બેથી વધુ મુંગા પશુ મોતને ભેટ્યા





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૦**

વલસાડના નનકવાડાના ખાડી ફળિયા નજીક ખુલ્લા વિસ્તારમાં જીઈબીની ખુલ્લી ડીપી આવેલી છે. આ ખુલ્લી ડીપી સુધી ઘાસ ચરતા ચરતા ભેસોં પહોંચી જતા મુંગા જાનવરોને જોરદાર કરંટનો ઝટકો લાગતા ઘટના સ્થળ ઉપર જ ભેંસોનું કરુણ મોત થઈ ગયા હતા. ઘટનાને લઈ સ્થાનિક વિસ્તારમાં લોકોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો હતો.

નનકવાડામાં ભેંસોને લાગેલા કરંટની ઘટનામાં જીઈબીની સીધી લાપરવાહી બહાર આવી છે. ડીપી આજુબાજુ પ્રોટેક્શનની જોગવાઈ કેમ નહોતી કરાઈ. આજે જાનવર મુંગા પશુ ભોગ બન્યા છે કાલે માણસો પણ ભોગ બની શકે છે. પ્રોટક્શન નહી કરવા પાછળનું કારણ વિજચોરી તો નથી ને? તેવુ તર્ક લોકો કરી રહ્યા છે. પરંતુ આજે જીઈબીની સીધી લાપરવાહીને લઈ મુંગા પશુ હોમાઈ ચૂક્યાછે. કદાચ જાનવર માલિકો સાથે જીઈબીએ મામલો સમાધાન પણ કરી લીધો હતો. પરંતુ અગામી સમયે ફરી દુર્ઘટના નહી સર્જાય તે માટે જીઈબીએ સલામતિના તુરંત પગલા લેવા રહ્યા છે.

# ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલને અમદાવાદ વર્લ્ડકપ મેચની ટિકિટ ના મળી : મુદ્દો વિધાનસભામાં ચર્ચાયો

## ધારાસભ્યે ખેલદીલીથી કબલ્યુ હતું કે ટિકિટ ઓનલાઈન હતી તેથી મુશ્કેલી પડી



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૧૦**

ગયા રવિવારે અમદાવાદ નમો સ્ટેડિયમમાં ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલ મેચ યોજાઈ હતી. મેચ જોવાનું આકર્ષણ અને ધસારો એટલો હતો કે ટિકિટના ફાંફા પડી ગયા હતા. ૧,૪૦ લોકોએ સ્ટેડિયમમાં મેચ નિહાળી હતી. દેશભરના ઉદ્યોગપતિઓ, રાજકીય અગ્રણીઓ ફિલ્મી કલાકારો તથા વર્તમાન ભૂતપૂર્વ ક્રિકેટરો સાથે સ્ટેડિયમ ચિક્કાર હતું. ૧૫-૨૦ હજાર સુધી ટિકિટોનો બ્લેક પણ બોલાયો હોવાનું કહેવાય છે. આવી દિલચસ્પી મેચ જોવાની સોનેરી તકથી ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે વંચિત રહી ગયા હતા. તેવો મુદ્દો આજે વિધાનસભામાં પણ ચર્ચાયો હતો.

વિધાનસભા ગૃહમાં ચાલતી હળવી ચર્ચા દરમિયાન ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે અધ્યક્ષને જણાવ્યું હતું કે અમદાવાદ વર્લ્ડકપ મેચની મને ટિકિટ મળી નહોતી તેથી ગૃહમાં હાસ્ય ફેલાયું હતું. પણ ચર્ચામાં બહાર આવ્યું હતું કે રમતગમત મંત્રીને પણ ટિકિટ નહોતી મળી. જોકે ખેલદિલીપૂર્વક ધારાસભ્યએ જણાવ્યું હતું કે ટિકિટ ઓનલાઈન હતી તેથી મળી નહોતી એક દિવસ વહેલા આવવાનો સમય મળ્યો નહોતો. ઘટનાનો બોધપાઠ એ છે કે ભાજપના વહિવટમાં ભ્રષ્ટાચાર કે લાગવગ અસ્થાને છે. કોંગ્રેસનું શાસન હોત તો હજારો ટિકિટો વીઆઈપી માટે રિઝર્વ થઈ ગઈ હોત. પણ એવું શક્ય બન્યુ નથી.એ વહીવટી પારદર્શિતાની નિશાની પણ લેખાવી શકાય.

# ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની આહલેક જગાવનાર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજથી બે દિવસીય નવસારી જિલ્લાની મુલાકાતે



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**નવસારી, તા.૧૦**

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની આહલેક જગાવનાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી આજથી બે દિવસ તા.૧૧ અને ૧૨ માર્ચના રોજ નવસારી જિલ્લાની મુલાકાતે પધારી રહ્યા છે. તેમના આગમન પૂર્વે ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી છે.

તા.૧૧ માર્ચના રોજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સવારે ૧૧ કલાકે વાંસદાના મનપુર ગામે હેલિપેડ પર ઉતરાણ કરશે. ત્યારબાદ બપોર પછી ૩.૧૫ કલાકે રૂમલા ગામે જાહેર સભા સંબોધશે. આ સાથે જ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ, અલગ અલગ સ્ટોલની મુલાકાત, સ્વચ્છતા અભિયાન અને રાત્રિ ગ્રામસભાના કાર્યક્રમમાં તેઓશ્રીની ગરિમામય ઉપસ્થિતિ રહેશે. બીજા દિવસે તા.૧૨ માર્ચના રોજ સવારે યોગા અભ્યાસ, ગાય દોહન કરી પ્રાકૃતિક મોડલ ફાર્મની મુલાકાત લેશે.

બાદમાં ૧૨ માર્ચના રોજ સવારે ૧૦.૩૦ કલાકે નવસારીમાં વિશ્વ વિદ્યાલય ભવન પાસે આવેલા અસ્પી ઓડિટોરિયમમાં યોજાનાર નવસારી કૃષિ યુનિવર્સિટીના ૨૧મા વાર્ષિક પદવીદાન સમારંભના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય અને વિશ્વવિદ્યાલયના કુલાધિપતિશ્રી તરીકે રાજ્યપાલશ્રી દેવવ્રતજી ઉપસ્થિત રહેશે. તેમની સાથે આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસવર્ધન, મત્સ્યોદ્યોગ અને નેટોકોલ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહેશે. મુખ્ય મહેમાન તરીકે મહારાષ્ટ્રના નાગપુરની પશુ અને મત્સ્ય વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડો.એન.વી.પાટીલ ઉપસ્થિત રહી પદવીદાન સમારોહને સંબોધશે.

# લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'વિશ્વ મહિલા દિવસની' કરાયેલી ઉજવણી






(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૧૦**

લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ તથા હવેલી હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા સંયુક્ત રીતે ૯મી માર્ચ, ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અત્યંત ગૌરવ, ઉત્સાહ અને પ્રેરણાદાયક વાતાવરણ સાથે કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ અને મુખ્ય મહેમાન શ્રી ફતેહસિંહજી એમ. ચૌહાણ અને સંયુક્ત મુખ્ય મહેમાન શ્રીમતી ગીતાબા ફતેહસિંહ ચૌહાણનું ફૂલોના પુષ્પગુચ્છ આપીને સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાંત સંસ્થાના ઉપપ્રમુખ અને વિશેષ મહેમાન શ્રી અનંતરાવજી ડી. નિકમ, સચિવ શ્રી કુલદીપસિંહ મુન્દ્રા, ખજાનચી શ્રી વિશ્વેશ દવે, સંયુક્ત સચિવ શ્રી જયેન્દ્રસિંહ રાઠોડ અને કાર્યકારી સભ્ય શ્રી અભિષેક સિંહ ચૌહાણનું પણ આ કાર્યક્રમમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ શિક્ષણના ક્ષેત્રે દૂરંદેશી નેતૃત્વ ઉત્કૃષ્ટ યોગદાન માટે દેશની પ્રતિષ્ઠિત મુંબઈ યુનિવર્સિટી દ્વારા પ્રમુખ શ્રી ફતેહસિંહ ચૌહાણને આપવામાં આવેલા સન્માનના ગૌરવપૂર્ણ ક્ષણની પણ ઉજવણી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે આ યુનિવર્સિટીએ દેશને આઠ ભારત રત્ન અને અનેક પદ્મશ્રી વિભૂતીઓ આપી ચૂકી છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના સમસ્ત પરિવાર દ્વારા શ્રી ફતેહસિંહજી ચૌહાણને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા તથા બંને સંસ્થાઓના આચાર્યો, ડૉ.સીમા પિલ્લઈ, ડૉ. શિલ્પા તિવારી અને શાળાના આચાર્ય શ્રીમતી નિરાલી પારેખે તેમને ખાસ ચોકલેટ ગુલદસ્તો આપી વિશેષ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ભાગ રૂપે, મહિલા વિભાગના સભ્યો માટે વિવિધ રસપ્રદ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ અને વિજેતાઓને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સાંસ્કૃતિક પ્રદર્શને કાર્યક્રમને વધુ જીવંત બનાવ્યો હતો. કલા વિભાગ દ્વારા લાઈવ કલા પ્રદર્શન અને વિભાગના પુરુષ સભ્યો દ્વારા

-વધુ પેજ નં.૭ પર